RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 152* Date: 23.03.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દિલ્હી, રાજસ્થાન, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં

# ભૂકંપના આંચકા અનુભવાયા

### દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના આંચકા, તીવ્રતા ૭.૭ની નોંધાઇ




નવીદિલ્હી,તા.૨૨

દિલ્હી, એનસીઆર સહિત લગભગ સમગ્ર ભારતમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ આંચકા લાંબા સમય સુધી અનુભવાયા હતા.દિલ્હી એનસીઆરમાં હમણાં જ ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ આંચકા ખૂબ જ તીવ્રતાવાળા હતા. ભૂકંપના આંચકા અનુભવતા જ લોકો ઘરની બહાર આવી ગયા હતા. દિલ્હી એનસીઆરમાં ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે લોકો ઘરની બહાર આવી ગયા ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન જણાવવામાં આવી રહ્યું છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૭.૭ માપવામાં આવી છે. ભારતની સાથે પાકિસ્તાન, તાજિકિસ્તાન, ચીનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.ભૂકંપના કારણે લોકો ઘરની બહાર આવી જશે. સવારે લગભગ ૧૦.૧૭ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

ઉલ્લેખનીય છે કે દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના ભયાનક આંચકા ત્યારે અનુભવાયા જ્યારે મોટાભાગના લોકો રાત્રિભોજન પછી સૂવાની અથવા આરામ કરવાની તૈયારી કરી રહ્યા હતા. આંચકા બાદ લોકોમાં બેચેની વધી ગઈ હતી. ઘણા લોકો શેરીઓ અને ઉદ્યાન તરફ દોડવા લાગ્યા. ભૂકંપનો આ તાજેતરનો આંચકો એટલો જોરદાર હતો કે જે લોકો ઘર, દુકાન, બજાર કે શેરીમાં હતા, તેઓએ ચોક્કસ અનુભવ્યું. હાલ લોકો ગભરાટમાં છે.

આંચકા લાંબા સમય સુધી અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન જણાવવામાં આવી રહ્યું છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૬ માપવામાં આવી છે. ભારતની સાથે પાકિસ્તાન, તાજિકિસ્તાન, ચીનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સવારે લગભગ ૧૦.૧૭ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.સ્થાનિક લોકોએ જણાવ્યું કે તેઓએ લગભગ ૪૫ સેકન્ડ સુધી ભૂકંપના આંચકા અનુભવ્યા.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, અફઘાનિસ્તાનના ફૈઝાબાદમાં રિક્ટર સ્કેલ પર ૬.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

ભારતમાં પણ એની અસર જોવામાં આવી. દિલ્હી, રાજસ્થાન, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકો ગભરાઈને જીવ બચાવવા માટે ઘરની બહાર દોડી આવ્યા. દિલ્હી-NCR, ગાઝિયાબાદના અનેક વિસ્તારોમાં લોકોએ આખી રાત પસાર કરી.

નોઈડા હાઈટ પાર્ક સોસાયટીમાં રહેનારી એક વ્યક્તિએ જણાવ્યું હતું કે તેણે સૌથી પહેલા ડાઈનિંગ ટેબલને હલતા જોયું. પછી પંખા પણ હલી રહ્યા હતા. પહેલા તો ગભરાઈ ગયા. પછી ભૂકંપનો અહેસાસ થયો. તીવ્રતા ખૂબ જ વધારે હતી. લગભગ ૧૫ સેકન્ડ સુધી અમે એનો અનુભવ કર્યો. દિલ્હીમાં એક કેબમાલિક રમેશ પવારે કહ્યું હતું કે જ્યારે હું કનૉટ પ્લેસ પાસે યાત્રીઓની રાહ જોઈ રહ્યો હતો ત્યારે તેણે ભૂકંપનો અનુભવ કર્યો હતો. અચાનક મારી કાર હલવા લાગી. મેં તરત બૂમો પાડી અને મારા મિત્રોને આ અંગે જણાવ્યું.

દક્ષિણ દિલ્હીના લાજપતનગરની રહેવાસી જ્યોતિએ કહ્યું હતું કે તે્‌ ફ જોઈ રહી હતી, ત્યારે અચાનક તેણે જોયું કે ટીવી અને સોફો હલી રહ્યો છે. શરૂઆતમાં તેણે ઈગ્નોર કર્યું, પરંતુ જ્યારે તેના પતિને જણાવ્યું ત્યારે તેઓ ઘરની બહાર આવી ગયાં.

આ વખતે ભૂકંપના ઝટકા એમપીના ગ્વાલિયર, ભોપાલમાં પણ અનુભવ થયો હતો. લોકોએ થોડી સેકન્ડ માટે ધ્રુજારીનો અનુભવ કર્યો હતો . શહેરમાં ઊંચાં બિલ્ડિંગ્સમાં રહેનારા લોકો તો રસ્તા ઉપર આવી ગયા હતા. ભૂકંપને લઈને લોકોમાં ભય જોવા મળ્યો.

જયપુર, સિકર, કરૌલી સહિત રાજસ્થાનના અનેક જિલ્લામાં પણ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. અહીં પણ લોકો ઘરની બહાર આવી ગયા. એકબીજાને ફોન કરીને ભૂકંપ આવ્યો છે એની જાણકારી આપી હતી. બિકાનેર, જોધપુર, અલવર, ગંગાનગર, અજમેર, ઝુંઝુનુંમાં લોકો ઘરમાંથી બહાર આવ્યા હતા. પોતાના સંબંધીઓ અને પરિચિતોને ફોન કરીને એની જાણકારી પણ આપી, જેથી બધા સુરક્ષિત પોતાના ઘરની બહાર આવી જાય. આવી જ સ્થિતિ પંજાબ, જમ્મુ-કાશ્મીર, યુપી અને ઉત્તર ભારતના અન્ય વિસ્તારોમાં પણ રહી.

ધરતીકંપની તીવ્રતાનો અંદાજ તેના કેન્દ્ર (એપીસેન્ટર)માંથી નીકળતી ઊર્જાના તરંગો દ્વારા માપવામાં આવે છે. સેંકડો કિલોમીટરમાં ફેલાયેલી આ તરંગથી આંચકા આવો છે. ધરતીમાં તિરાડો પણ પડે છે. જો ધરતીકંપનું કેન્દ્ર ઓછી ઊંડાઈએ હોય તો તેમાંથી નીકળતી ઉર્જા સપાટીની ખૂબ જ નજીક હોય છે, જેના કારણે ભારે વિનાશ કરી શકે છે.૨૬ ડિસેમ્બર ૨૦૦૪માં ઈન્ડોનેશિયામાં આવેલા ભૂકંપ અને પછી સુનામીના કારણે અંદમાન-નિકોબાર ટાપુનો ઈંદિરા પોઈન્ટ ડુબી ગયો હતો. આ ટાપુ સુમાત્રાથી ૧૩૮ કિમી દુર આવેલો છે. અહીંયા એક જ લાઈટ હાઉસ છે જેનું ઉદ્ઘાટન ૩૦ એપ્રિલ ૧૯૭૨ના રોજ થયું હતું. તે ભારતની એકદમ દક્ષિણમાં આવેલું છે અને તેને ભારતનું અંતિમ બિન્દુ પણ કહેવામાં આવે છે. તેનું નામ ભારતના પૂર્વ વડાપ્રધાન ઈંદિરા ગાંધીના નામ પર રાખવામાં આવ્યું હતું. ઈંદિરા પોઈન્ટનું લાઈટ હાઉસ ભારત થઈને મલેશિયા અને મલક્કા જતા જહાજોને માર્ગ બતાવવાનું કામ કરે છે.

## અદાણી નહીં, મોદીજી મૌન તોડો, ભાજપ ઈચ્છે છે કે અમે જેપીસીની માંગ પાછી ખેંચીએ :જયરામ રમેશ

નવીદિલ્હી,તા.૨૨

સંસદમાં રાહુલ ગાંધીની માફી અને અદાણી મુદ્દા પર ભારે હોબાળો ચાલી રહ્યો છે. આ કારણે લોકસભા અને રાજ્યસભામાં છેલ્લા ૭ દિવસથી જરુરી બિલ પાસ થઈ શક્યા નથી. આ દરમિયાન કોંગ્રેસ નેતા જયરામ રમેશે બુધવારે અદાણી મામલે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ- ચાર દિવસથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે કે વિપક્ષ જેપીસી તપાસ કરવાની માંગ પરત લઈ લે, તો ભાજપ રાહુલ ગાંધીની માફી માંગવાની માંગ પરત લઈ લેશે. જયરામ રમેશે કહ્યું હતું કે અમે આ સોદો નહી કરીએ. અમે ઈચ્છીએ છીએ કે અદાણી નહીં, મોદીજી મૌન તોડે. જયરામ રમેશે કહ્યું કે ભાજપના લોકો ડરે છે કે ક્યાંક તેમની પોલ ન ખુલી જાય.

જયરામ રમેશે વધુમાં કહ્યું કે આ કૌભાંડ માત્ર શેરબજાર પૂરતું સીમિત નથી, પરંતુ તે પીએમ મોદી અને સરકારની નીતિઓ, નિયત અને ઈરાદાઓ સાથે પણ જોડાયેલું છે. સુપ્રીમ કોર્ટમાં જે કમિટીની રચના કરવામાં આવી છે તેમાં જાણીતા નિષ્ણાતોની કમિટી છે. આ સમિતિ અદાણી કેન્દ્રિત કમિટી છે. તે અદાણીને સવાલ કરશે. અમે જે સવાલ કરી રહ્યા છીએ તે અદાણીને નહીં પરંતુ વડાપ્રધાનને કરી રહ્યા છીએ. કમિટી અને JPC વચ્ચે આ જ મૂળભૂત તફાવત છે.

જયરામે વધુમાં કહ્યું હતું કે આ સવાલ સુપ્રીમ કોર્ટની કમિટી સરકારને નહીં કરે. તેઓ વિચારશે પણ નહીં, તેમની હિંમત પણ નહીં થાય. તેઓ તેમને ક્લીન ચિટ આપી દેશે. આ સવાલોને માત્ર જેપીસી જ કરી શકે છે જેપીસીમાં ભાજપના અધ્યક્ષ હશે. બહુમત પણ તેમને જ મળશે, પરંતુ તે છતાં વિપક્ષને એક તક મળશે. આ સવાલોને ઉઠાવવા માટે ફરીથી સરકાર તરફથી જવાબ અપાશે. આ બધાનું રેકોર્ડિંગ કરવામાં આવશે.

જયરામે વધુમાં જણાવ્યું હતું કે ૧૯૬૧માં એક હિટ ફિલ્મ બની હતી, જબ પ્યાર કિસી સે હોતા હૈ. દેવાનંદ અને આશા પારેખની આ ફિલ્મનું એક હિટ ગીત હતું. સૌ સાલ પહેલે મુજે તુમસે પ્યાર થા, આજ ભી હૈ ઔર કલ ભી રહેગા. આજે પણ મને તે ગીત યાદ આવે છે.

જયરામે વધુમાં જણાવ્યું કે જેપીસીની માંગ આજે પણ છે અને કાલે પણ રહેશે. ૫ ફેબ્રુઆરીથી દરરોજ અને ત્રણ સવાલ વડાપ્રધાનને પુછી રહ્યા છીએ. આજે સો સવાલ પુરા થઈ ગયા છે. આ સવાલ અમે અદાણીને પુછી રહ્યા નથી, આ સવાલ અમે વડાપ્રધાનને પુછી રહ્યા છીએ, સરકારને પુછી રહ્યા છીએ.

જયરામે કહ્યું કે ૧૯૯૨માં હર્ષદ મહેતા કૌભાંડ સમયે વિપક્ષ દ્વારા જેપીસીની માંગ કરવામાં આવી હતી. પરંતુ સરકારે તેને સમર્થન આપ્યું ન હતું. બે ત્રણ મહિના પછી વડાપ્રધાન નરસિમ્હા રાવ, નાણામંત્રી ડૉ. મનમોહન સિંહે મંજૂરી આપી હતી અને હર્ષદ મહેતા કૌભાંડ પર ૧૯૯૨માં જેપીસીની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ રિપોર્ટ આવતા તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તે સમયે સેબીને અધિકાર આપવામાં આવ્યા હતા. કેપિટલ માર્કેટને મજબુત કરાયું હતું. ૨૦૦૧માં વધુ એક કૌભાંડ સામે આવ્યું, કેતન પારેખ કૌભાંડ. ત્યારે કોંગ્રેસ વિપક્ષમાં હતી. અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન હતા. આ મામલે પ્રણવ મુખર્જી અને મનમોહન સિંહે ત્ૐની માંગ કરી હતી, પરંતુ અટલજી માન્યા નહોતા. બાદમાં તેમની સાથે વાતચીત કરવામાં આવી અને પછી તેઓ સંમત થયા હતા.

જયરામે વધુમાં જણાવ્યું હતું કે મેં ૧૫ ફેબ્રુઆરીએ પણ કહ્યું હતું કે આ કમિટી સરકારને અને વડાપ્રધાનને દોષમુક્ત કરવાની કવાયત સિવાય કશું જ નથી. માટે અમે વારંવાર જેપીસીની માંગ કરી રહ્યા છીએ. એક હકીકત છે, જે અમે પુછી રહ્યા છીએ તે એક મુળભુત સવાલ છે. જે માફીની માંગ ભાજપ કરી રહ્યું છે, તે ખોટા આરોપ અને પાયાવિહોણી વાત છે. આ બંને વાતો વચ્ચે જમીન અને આકાશ જેટલો ફરક છે. આ બધુ અમારું ધ્યાન અદાણી મુદ્દા પરથી હટાવવા માટે કરવામાં આવી રહ્યું છે.

રાહુલ ગાંધીનું સંસદમાં બોલવું તે લોકશાહીનો અધિકાર છે કોંગ્રેસ નેતાએ કહ્યું કે રાહુલ ગાંધીએ સ્પીકરને પત્ર લખ્યો છે. લોકસભાના નિયમ ૩૫૭ હેઠળ તેમણે માંગ કરી છે કે તેમને બોલવાની એક તક આપવામાં આવે. આ તેમનો લોકશાહીનો અધિકાર છે. આ બાબતે સ્પીકર શું નિર્ણય લેશે તે તો સમય જ જણાવશે.

## પંચકૂલામાં આપનુ વ્યાપક સભ્યપદ અભિયાન, ૨૫ હજાર લોકોને આપમાં જોડશે

પંચકુલા,તા.૨૨

આમ આદમી પાર્ટીપંચકુલા જિલ્લાના કાલકા અને પંચકુલા મતવિસ્તારમાં લગભગ ૨૫ હજાર સભ્યો ઉમેરશે. આ માટે અભિયાન ચાલી રહ્યુ છે અને અત્યાર સુધીમાં લગભગ બે હજાર લોકોએ આમ આદમી પાર્ટીની સદસ્યતા લીધી છે. આ દાવો કરતાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય પરિષદના સભ્ય સુરેન્દ્ર રાઠીએ સોમવારે કહ્યુ કે સભ્યપદ અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યુ છે.

તેમણે જણાવ્યું કે આમ આદમી પાર્ટીની સદસ્યતા અભિયાન મહાદેવપુર, સાકેતડી, બુધનપુર, સેક્ટર ૨૦ આશિયાનામાં હાથ ધરવામાં આવ્યુ હતુ. સુરેન્દ્ર રાઠીએ કહ્યુ કે રાજ્યમાં આમ આદમી પાર્ટીના સંગઠનને મજબૂત કરવા પાર્ટીના કાર્યકરો સક્રિય છે. આગામી સમયમાં, કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટીના સભ્ય બનાવવા માટે પંચકુલા જિલ્લાના તમામ ગામો, કોલોનીઓ અને સેક્ટરોમાં ઘરે-ઘરે જશે.

તેમણે દાવો કર્યો હતો કે જિલ્લામાં પક્ષની સદસ્યતા લેવા માટે લોકોમાં પૂરેપૂરો ઉત્સાહ છે. યુવા નેતાઓ સાહિબ દેન, વિનોદ કુમાર, દિનેશ કુમાર, મુન્ના યાદવ, શ્યામ લાલ, રણજીત, રામ સુમેર, બાલ્કિશન, સંત લાલ, ગુલશન, સુરેન્દ્ર, ઉમેશ, રોહિત, લાલતી દેવી, રીટા, શારદા, ચંદ્રાવતી, શીલા, સુશીલા વગેરે આ પ્રસંગે પણ હાજર રહ્યા હતા.

## બે મહિનામાં ૨.૫ લાખ સહેલાણી કાશ્મીર પહોંચ્યા, ગયા વર્ષથી વધુ

શ્રીનગર,તા.૨૨

જમ્મુ-કાશ્મીરમાં કોવિડ બાદ પર્યટનને પ્રોત્સાહન આપવા અને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસોનાં પરિણામો મળવા લાગ્યા છે. ગયા વર્ષે ૧.૮૮ કરોડ પ્રવાસી જમ્મુ-કાશ્મીર આવ્યા હતા. જેમાં ધાર્મિક પ્રવાસે આવેલા શ્રદ્ધાળુઓ પણ સામેલ છે. આ તમામ પ્રવાસીઓમાં ૨૬.૭૩ લાખ માત્ર કાશ્મીર ગયા હતા. સરકારી આંકડા મુજબ ત્રણ દશકમાં સૌથી વધુ પ્રવાસીઓ નોંધાયા છે. જોકે આ આંકડા કરતાં પણ વધુ પ્રવાસીઓ આ વખતે આવે તેવા સંકેત મળી રહ્યા છે. આ વર્ષે શરૂઆતના બે મહિના જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ૨.૫ લાખ પ્રવાસીઓ કાશ્મીર આવ્યા છે.ગયા વર્ષે આ ગાળામાં ૧.૭ લાખ પ્રવાસીઓ આવ્યા હતા. આ સમય દરરોજ સરેરાશ ૬૮ ફ્લાઈટોથી ૧૨૦૦૦ યાત્રી શ્રીનગર એરપોર્ટ પર આવી રહ્યા છે. કાશ્મીર પર્યટન વિભાગના નિર્દેશક ફજલુલ હસીબે કહ્યું છે કે આ વખતે ગયા વર્ષ કરતાં વધારે પ્રવાસી આવવાની શક્યતા છે.

કાશ્મીરની અર્થવ્યવસ્થામાં પ્રવાસન સેક્ટર સૌથી વધુ યોગદાન આપનાર પૈકી એક છે. રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રમાંથી વર્ષે ૮૦૦૦ કરોડની આવક થાય છે. આ વર્ષે ૩૫ લાખ પર્યટકો કાશ્મીર આવે તેવી શક્યતા છે. આના કારણે હોટલ સહિત તમામ ક્ષેત્રોમાં કારોબાર વધે તેવી શક્યતા છે.

છેલ્લાં બે સપ્તાહમાં વિમાની ભાડામાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. વિમાની ટિકિટોની કિંમતોમાં ઉલ્લેખનીય વધારો થતા પ્રવાસ સાથે જોડાયેલા વેપારીઓ ચિંતાતુર છે. કાશ્મીર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ જાવેદ ટેંગાએ વિમાની ભાડા પર અંકુશ મૂકવા માટે ગૃહ અને ઉડ્ડયન મંત્રાલયને અપીલ કરી છે. વિમાની ભાડાં ૧૭,૦૦૦ રૂપિયા દર્શાવે છે, જે સામાન્ય રીતે ૪૦૦૦થી ૫૦૦૦ રહે છે.

## હિન્દુત્વ વિરુદ્ધ ઝેર ફેલાવવા બદલ બેંગલુરુ પોલીસે કન્નડ અભિનેતા ચેતન કુમારની ધરપકડ કરી

બેંગ્લુરૂ,તા.૨૨

કન્નડ અભિનેતા ચેતન કુમાર તેના વિવાદાસ્પદ નિવેદનો માટે અવારનવાર હેડલાઈન્સમાં રહેછે. ચેતન કુમાર ટ્વિટર પર ખૂબ જ સક્રિય રહે છે અને સમકાલીન મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા જોવા મળે છે. હાલમાં જ ચેતને હિંદુ ધર્મ વિરુદ્ધ વિવાદાસ્પદ ટ્વીટ કર્યું હતું. ચેતને પોતાના ટ્વીટમાં હિંદુ ધર્મના અસ્તિત્વ વિશે કહ્યું હતું કે આ જૂઠ છે.અભિનેતાની આ ટ્વીટ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ઘણો હંગામો થયો હતો. હવે બેંગલુરુ પોલીસે હિંદુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડવા બદલ ચેતન કુમારની



ધરપકડ કરી છે.

૨૦ માર્ચે એક ટ્વીટમાં ચેતન કુમારે હિન્દુ ધર્મ પર સવાલ ઉઠાવ્યા હતા. પોતાના ટ્વીટમાં અભિનેતાએ હિંદુ ધાર્મિક ગુરુઓને અનેક પાસાઓ અંગેસવાલ કર્યા હતા. તેમણે લખ્યું, હિંદુ ધર્મ જૂઠાણા પર બાંધવામાં આવ્યો છે. સાવરકર - ભારતીય રાષ્ટ્રની શરૂઆત જ્યારે રામ રાવણને હરાવીને અયોધ્યા પરત ફર્યા - અસત્ય, ૧૯૯૨: બાબરી મસ્જિદ રામની જન્મભૂમિ છે - તે પણ જૂઠ. ૨૦૨૩: ઉરીગોડા-નાંજેગૌડા ટીપુના હત્યારાઓ - આ પણ છે. અસત્ય. હિન્દુત્વને સત્ય દ્વારા જ હરાવી શકાય છે, કારણ કે સત્ય સમાનતા છે.'આ ટ્વીટમાં ચેતન કુમારે લખ્યું કે- હિન્દુત્વ સંપૂર્ણ જૂઠાણા પર બનેલું છે. સાવરકર - ભારતીય રાષ્ટ્રની શરૂઆત ત્યારે થઇ જ્યારે રામ રાવણને હરાવીને અયોધ્યા પાછા ફર્યા - અસત્ય, ૧૯૯૨ માં બાબરી મસ્જિદ રામજન્મભૂમિ છે - એક જૂઠ, ૨૦૨૩ ઉરીગોડા-નાંજેગૌડા ટીપુના હત્યારા છે - અસત્ય, હિન્દુત્વને સત્યથી હરાવી શકાય છે હા- સત્ય સમાનતા છે.હિન્દુ ધર્મ વિરુદ્ધના આ વિવાદાસ્પદ શબ્દોના કારણે હવે કન્નડ ફિલ્મ અભિનેતા ચેતન કુમારની બેંગલુરુની શેષાદ્રિપુરમ પોલીસે ધરપકડ કરી છે. ચેતન કુમારે આઈપીસી (ઈન્ડિયન પીનલ કોડ)ની કલમ ૧૫૩-એ તથા ૨૯૫-એનો ભંગ કર્યો છે કે નહીં, તે અંગે તપાસ હાથ ધરી છે. ચેતન કુમારે ધર્મ કે વંશના આધારે અલગ-અલગ સમૂહોની વચ્ચે વેરભાવ પેદા કરવા કે ધાર્મિક લાગણીઓને ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક કે દુર્ભાવનાપૂર્વક કશું કર્યું કે નહીં, તેની તપાસ કરશે.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# અમૃતપાલ પર સકંજો



***ખાલિસ્તાન સમર્થક કટ્ટરપંથી નેતા અમૃત પાલ સિંહના સાથીઓ પર પંજાબ પોલીસે જે કાર્યવાહી કરી, તે જરૂરી જ હતી. કાયદેસર તો આ કાર્યવાહી બહુ પહેલાં અને વિશેષ રૂપે તો ત્યારે જ કરી દેવી જોઈતી હતી, જ્યારે અમૃતપાલ સિંહ અને તેના ગુંડાઓએ હથિયારોના જોરે અજનાલા થાણામાં હુમલો કરી દીધો હતો. આ કાયદાના શાસનને ખુલ્લો પડકાર હતો. આ ઘટનાના તાત્કાલિક બાદ કોઈ કાર્યવાહી નહિ થવાથી પંજાબ પોલીસના મનોબળ પર વિપરીત અસર પડી રહી હતી, સાથે જ પંજાબ સરકારના ઈરાદા પર પણ સવાલ ઊઠી રહ્યા હતા. એ માનવાના સારાં એવાં કારણો છે કે કેન્દ્ર સરકાર તરફથી ચિંતા વ્યક્ત કરાયા બાદ જ અમૃતપાલ પર સકંજો કસવાનો ફેંસલો લેવામાં આવ્યો. ગત દિવસોમાં પંજાબના મુખ્યમંત્રીની કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથેની મુલાકાત બાદ મોટી કાર્યવાહીના સંકેત મળી ગયા હતા. તેના સાગરિતોને જે રીતે ધરપકડ કરીને અસમ લઈ જવામાં આવ્યા, તેનાથી એટલું તો સ્પષ્ટ થઈ જ જાય છે કે જે કંઈ કાર્યવાહી થઈ, તેમાં કેન્દ્ર સરકારનો પણ સહયોગ અને સમર્થન રહ્યું. જ્યારે ક્યાંક આંતરિક સુરક્ષા માટે ખતરો પેદા કરાઈ રહ્યો છે, ત્યારે કેન્દ્ર અને રાજ્ય માટે મળીને સક્રિય થવાનું જરૂરી બની જાય છે. એ સારું થયું કે પંજાબમાં એવું જ થયું, પરંતુ અમૃતપાલ વિરુદ્ધ કાર્યવાહીમાં જે રીતે વિલંબ થયો, તેનાથી બોધપાઠ લેવાની જરૂર છે. અમૃતપાલ માત્ર ભારત વિરોધી તાકાતોના હાથમાં જ નથી રમી રહ્યો, બલ્કે પંજાબમાં અતિવાદ અને અલગતાવાદને પણ હવા આપી રહ્યો હતો. તેના વિરુદ્ધ કાર્યવાહીમાં વિલંબથી લોકો વચ્ચે ખોટો સંદેશ જઈ રહ્યો હતો.***

***એ સમજવું મુશ્કેલ છે કે પંજાબ પોલીસના આટલા વ્યાપક અને સઘન અભિયાન બાદ પણ અમૃતપાલ ફરાર કેવી રીતે થઈ ગયો? ક્યાંક એવું તો નથી કે તેની ધરપકડને કોઈ રણનીતિ અંતર્ગત જાહેર નથી કરવામાં આવતી? તથ્ય જે પણ હોય, પંજાબ પોલીસે ભાગેડુ અમૃતપાલને વહેલોમોડો પકડી જ લેવો પડશે. માત્ર તેની ધરપકડ જ જરૂરી નથી, બલ્કે એ પણ નક્કી કરવું જરૂરી છે કે તેના સમર્થકો નવેસરથી માથું ન ઊંચકી શકે. એ પણ જોવું પડશે કે કોઈ નવો અમૃતપાલ પેદા ન થઈ જાય. કેન્દ્ર અને પંજાબ સરકારે મળીને આ ખાલિસ્તાની ચળવળને હવે લોખંડી એડી નીચે કચડી નાખવું પડશે. પંજાબમાં કેટલાંક તત્ત્વો એવાં છે જે ખાલિસ્તાન સમર્થકોને હવા આપતા રહે છે. એ પણ કોઈ છૂપી વાત નથી કે એવાં તત્ત્વો દેશની બહાર પણ છે. તેઓ કેનેડા, ઓસ્ટ્રેલિયા, બ્રિટન વગેરે દેશોમાં તો છે જ, પાકિસ્તાનમાં પણ છે. જ્યાં ભારત સરકારે એ જોવું પડશે કે આ તત્ત્વો પર લગામ કઈ રીતે લગાવી શકાય, ત્યાં જ પંજાબ સરકારે એના પર ધ્યાન આપવું પડશે કે રાજ્યમાં ખાલિસ્તાન સમર્થક અતિવાદી તત્ત્વો પર અંકુશ લગાવવામાં કોઈ ઢીલ ન રાખવામાં આવે. તેના માટે પંજાબ પોલીસને પ્રોત્સાહન આપવા અને તેના મનોબળને ઊંચું રાખવાની જરૂર છે. પંજાબ સરકારે આ તથ્યની અવગણના ન કરવી જોઈએ કે ૧૯૮૦ના દોરમાં ખાલિસ્તાની આતંકવાદ પર લગામ લગાવવાનું કામ તેની પોલીસે જ કર્યું હતું.***

ગરબડ

લેવિસ,રેંગલર પીટર ઈંગ્લેન્ડના ડીઝાઈનર કલોથ્સ ,
શું સાલ્લું સોનેરી શાહીથી કિસ્મત લખાવીને લાવ્યા છે મારા બેટા .
છલ્લી,ખાદી કે કોટનમાંથી ઘરેલું મેરાઈએ બનાવેલા ખમીસ-ચડી,
અમારા નસીબ લખતી વખતે શાહી,પેન,ટાંકની ગરબડ થઈ હશે?
કેલોગ્ઝ,ઈડલી,ઑમલેટ,હોરલિક્સ, બોર્નવિટાનો બ્રેકફાસ્ટ,
શું સાલ્લું સોનેરી શાહીથી કિસ્મત લખાવીને લાવ્યા છે મારા બેટા .
રાતની રોટલી-ભાખરી,ખીચડી, મુઠીયા, થેપલાનું શિરામણ,
અમારા નસીબ લખતી વખતે શાહી,પેન,ટાંકની ગરબડ થઈ હશે?
હાઈફાઈસ્કૂલનો ડ્રેસ,જુતા,વોટરબોટલ, આઈપેડ,મોબાઈલ
શું સાલ્લુ કિસ્મત સોનેરી શાહીથી લખાવીને લાવ્યા છે મારા બેટા .
ગૃહ કાર્યમાંથી નિવૃત કરેલી થેલીમાં સ્લેટ, પેન, ભણવાના ફાટેલા ચોપડા,
અમારા નસીબ લખતી વખતે શાહી,પેન,ટાંકની ગરબડ થઈ હશે?
સ્કૂલે જવા વાન,રીકશા, બસ,જીપ, કાર કેટકેટલા વિકલ્પો મળે ,
શું સાલ્લુ કિસ્મત સોનેરી શાહીથી લખાવીને લાવ્યા છે મારા બેટા .
સ્કૂલ નજીક હોય કે દૂર સ્કૂલે જવાનો કેવળ ઓપ્શન ટાંટિયાની કઢી
અમારા નસીબ લખતી વખતે શાહી,પેન,ટાંકની ગરબડ થઈ હશે?
અછત,અભાવ વચ્ચે સંઘર્ષ - પરિશ્રમથી અઘરા મુકામો હાંસલ કર્યા છે,
શું સાલ્લું કિસ્મત સોનેરી શાહીથી લખ્યું છે મારા વાલ્લાએ.
સગવડ,માવજત,ભાગ્યના સહારે નાવ હંકારવાથી પ્રગતિ ક્યાંથી થાય?
બેટાઓના નસીબ લખતી વખતે શાહી ,પેન,ટાંકની ગરબડ થઈ હશે?

ભરત વૈષ્ણવ
૨૨.૩.૨૦૨૩

# અમેરિકામાં Great Resignation અને આપણે ત્યાં ( ના) રાજીનામાનું પ્રચલન છે!!!

પહેલાના સમયમાં ખેતી ઉતમ ગણાતી હતી. વેપાર મધ્યમ ગણાતો હતો. નોકરી ( એટલે કે ચાકરી) કનિષ્ઠ ગણાતી હતી.

ખેતી કરનારનો ઈશ્વર સિવાય ( અરે, ભાઇ ઘરવાળી માલિકની માલિક છે.) કોઇ માલિક નહીં. જો કે ધીરધાર કરનાર ઈશ્વર કરતાં એકાદ બે વેંત નીચો ગણાય. અલબત, ઈશ્વર તેની બાકી રકમની જાતે ઉઘરાણી કરવા આવતા નથી. જયારે ધીરધાર કરનારનો કોઇ ભરોસો નથી. ખેડુતને ઈચ્છા થાય તો બળદગાડું લઇને ખેતર જાય. ઈચ્છા ન હોય તો ગોદડું ઓઢી સૂઇ જાય!! જો ઓણ- આ વરસે ખેતરમાં વાવણી કરવાની ઈચ્છા ન હોય તો ખેતર ન ખેડે કે વાવણી ન કરે.તેનીમરજી!!!ટુકમાં સ્વનિર્ભર અને સ્વાવલંબી.

વેપાર કરનારની પણ બાદશાહત છે.નીચા ભાવે ખરીદી કરી ઉંચા ભાવે વેચે. દુકાન ખોલવા કે દુકાન વધાવવા ( દુકાન બંધ કરવી એમ ન કહેવાય.કાયમ માટે તાળા વાગી જાય!!!) કોઇની રજા લેવાની ન હોય. મનની મરજીનો માલિક. પાંચ દિવસ દુકાન બંધ રાથી માથેરાન ફરવા જઇ શકે!!

નોકરી એટલે નોકરી. કરી કરીને નોકરી એવું ઉપાલંભમાં કહેવાય છે. કાળી કે રાતી મજૂરી કરે પણ પગાર ચણામમરા જેવો. એમબીએ થયેલ નોકરિયાતને નોનમેટ્રિક માલિક પાણીથી પાતળો કરી નાંખે!!

નોકરીમાં તેલ પાઈને એરંડીયુ કાઢી નાંખે. શેરડીની જેમ પીલી પીલીને કૂચો કરી નાંખે. નોકરીના સ્થળે સંસદને શરમાવે તેવું ડર્ટી પોલિટિક્સ, તમામ પ્રકારનું શોષણ પોલ્સન લગાવનારને પ્રમોશન અને પર્કસ મળે! પોલ્સન ન મારનાર કાબેલ ઓરીજીનલ પોસ્ટ પર તૂટી મરે !!

હવે સમય બદલાયો છે. ઉતમ ગણાતી ખેતી કનિષ્ઠ બની ગઇ છે. ખેડુતોને પાક મેળવવા માટે બિયારણ, ખાતર, જંતુનાશક દવા , સિંચાઈ , ડિઝલ, માણસો વગેરે માટે મોટું ખર્ચ કરવું પડે છે. ઉત્પાદન ખર્ચ વધી ગયેલ છે. ખેડુતે પકવેલ માલ પાણીના મૂલે વેચવો પડે છે. આકાશી ખેતી, માવઠું, વાવાઝોડું, ખેતરના ભાગ પડતા ખેતરો પોષણક્ષમ રહ્યા નથી .દેશમાં હજોરો ખેડૂતો મોતને ગળે લગાડે છે. પણ કોઇના પેટનું પાણી હલતું નથી. ગામડામાં કોઇને ખેતી કરવી નથી. શહેરમાં બે પાંચ હજારની પટાવાળી કરવી છે!!

કનિષ્ઠ ગણાતી નોકરી ઉતમ બની છે. ભણવા માટે કરેલ ખર્ચ અને નોકરી મેળવવા કરેલ અન્ડર ટેબલનો ખર્ચ સિવાય બીજું કોઇ મૂડીરોકાણ કર્યા સિવાય કાયમી નિશ્ચિંત આવક મળવાની વોરંટી કમ ગેરેંટી છે. સરકારી નોકરી હોય તો સરકારના જમાઈ તરીકે પેન્શન મળે છે તે છોગામાં!સરકારી નોકરી તો બુલેટ ટ્રેનની ગતિએ નિવૃતિ નામના પ્લેટફોર્મ પર નિર્વિઘ્ને ઉભી રહે છે!!

પ્રાઇવેટ નોકરીમાં સતત ફફડતા રહેવું પડે છે. ક્યારે એચઆર નામના ડિવિઝનમાંથી કાળમુખો ઈમેઇલ ત્રાટકે અને નોકરીમાંથી હાથ ધોવા પડે તેની ખબર જ ન પડે! આર્ટિફિશિયલ ટારગેટ એચિવ કરવાનું ટેન્શન ,રજા ન મળે વીકલી ઓફમાં પણ કામના ઢસરડા કરવા પડે બોસના છાસિયા સહન કરવા પડે. બોસની શરતોએ નોકરી કરવી પડે. ફેમિલિને કોરાણે મુકવું પડે. દીકરા કે દીકરીના બર્થ ડેની ઉજવણીમાં સામેલ થવાના બદલે ફોરેનના કલાયન્ટને રીઝવવા ઉઠકબેઠક કરવી પડે. તેના હોટલ સ્ટે વગેરેની એરેન્જમેન્ટ કરવાનું ટાસ્કને ન્યાય આપવો પડે!! ટુંકમાં બોસની વ્હીમ્સ મુજબ તેની શરતોએ ગુલામી કરવાની રહે. નોકરીમાં પીએફ કે ફંડ જમા થાય કે ન થાય પણ સ્ટ્રેસ, બ્રેઇન સ્ટ્રોક ,અનિંદ્રા,હાયપર ટેન્શન, બીપી , કાર્ડિયાક ફેલ્યોર જમા થાય અને થાય જ!!થોડા વરસ પહેલાં ભારતનો યુવાન અમેરિકાની ફાયનાન્શિયલ ફર્મમાં ટારગેટ એચિવ કરવા ઘરે ગયા સિવાય કંપનીમાં કામ કરેલું અને કામનું પ્રેશર સહન ન થતાં આપઘાત કરેલો હતો!!!

કોરોના મહામારી સુધી નોકરી માલિકોની ઈચ્છા મુજબ તલવારની ધાર પર હતી. વગર વાંકે નોકરીમાંથી હાંકી કાઢવાની તલવાર લટકતી હતી. નોકરી છૂટી જાય પછી બીજે નોકરી મેળવતા નેવાના પાણી મોભે ચડતા હતા!! નોકરી છૂટી જાય તે મોઢું છુપાવીને ફરે માનો કે કલમ ૩૭૬નો આરોપી ન હોય!! બધા તેની સાથે અસ્પૃશ્ય જેવો વહેવાર કરે!!

કોરોનામાં લોકોએ વર્ક ફ્રોમ હોમ કર્યું. તે દરમિયાન ઘરનું બોન્ડીંગ સમજાયું. માલિક કર્મચારીના મીમ્સ બન્યા! કર્મચારીને પોતાનું જીવન, સ્પેસ, પ્રાયોરિટી, ગોલ સમજાયા. જીવનમાં દો ટકીયોં કી નોકરી સિવાય બીજી દુનિયા,ખુશી છે તેનું ભાન થયું. પોતાની તાકાત પર આવી કેટલી નોકરીઓ ચરણ ચુમશે તેવો અહેસાસ થયો!!ત્યારથી એક ન શાંત અને શાસ્વત ક્રાંતિના પગરણ થયા!!

નોકરીયાતો હેલનની માફક માલિક નામના વૃક્ષની અગલબગલ લચ્છા ડાન્સ કરતા હતા. ઘાણીના બળદની જેમ મજબુરી ડાન્સ કરતા હતા .

અમેરિકા અને યુરોપમાં દર મહિને ૪૦ લાખ લેખે ૨૦૨૧માં ૩.૬ કરોડ કર્મચારીઓ નોકરીમાંથી રાજીનામા આપ્યા!!!

કોરોના પછી વિશ્વભરના નાગરિકોને

જિંદગી કેટલી અનિશ્ચિત, અકળ અને મુલ્યવાન છે તેનો અહેસાસ થયો. કારકિર્દી ,મહત્વાકાંક્ષા અને માત્ર પૈસા પાછળ આંધળી દોડ લગાવવામાં જ તેને વેડફી ન નંખાય. ઘર,કુટુંબ અને નોકરીના કામના કલાકો વચ્ચે સમતુલા સાધતી હોય તેવી નોકરીને પસંદ કરવા લાગ્યા.

કોરોનાને લીધે વર્ક ફ્રોમ હોમ કલ્ચરનો જન્મ થયો. કર્મચારીઓએ કોરાના બાદ વર્ક ફ્રોમ હોમ ચાલુ રહે તેવી કંપની પસંદ કરી.

અત્યાર સુધી સારી પોઝિશન અને પગાર માટે કંપની જે મોટા શહેરમાં તેની ઓફીસ,પ્લાન્ટ કે કાર્ય સ્થળ ધરાવતી હોય ત્યાં કર્મચારીઓને સ્થાયી થવું પડતું હતું.પહેલી નજરે તો આ સ્ટેટસ જેવું લાગતું પણ કર્મચારીઓને સમજાયું કે મોટા શહેરમાં ટ્રાન્સપોર્ટના કલાકો, વાહન અને તેના બળતણનો ખર્ચ, ઘરનું ઘર બનાવવું અશક્ય બને તેટલા ભાવ, શિક્ષણથી માંડી અન્ય તમામ ખર્ચ મેટ્રો શહેર જેવા અને તેની તુલનામાં પગાર એ હદે વધુ નથી મળતો આથી કર્મચારીઓ એવું વિચારતા થયા કે મીની મેટ્રો કે નાના શહેરો કે ગામ અને ઓછા ઝાકમઝાળ રાજ્યોમાં રહેવા જઈએ. વર્તમાન મોટા શહેર અને મોંઘા ધએધ ગ્રેડના ધનિકોના તેમજ વધુ ટેક્સ ધરાવતા રાજ્યોની જગ્યાએ ‘બી‘ ટાયર શહેર,રાજયમાં જઈએ.ભલે હાલની નોકરી છોડી દઈએ.

કોરોનાના લીધે એક તરફ લગભગ તમામ સેક્ટરમાં બિઝનેસને કારમો ફટકો પહોંચ્યો છે. કર્મચારીઓ કરતા માલિકોના હાલત વધુ કફોડી બની છે તેઓ બેહાલ થયા છે. કર્મચારીઓએ તો કોરોનાએ બદલી નાંખેલ દુનિયામાં જે નવી તકો અને ક્ષેત્રો ખુલ્યા છે તેમાં નોકરી મેળવવા માંડી છે. જો કે અહીં જે સર્વિસ સેક્ટર છે તેને આ વાત વધુ લાગુ પડે છે. તમે વિચારો, ઓનલાઇન ઓર્ડર અને ડિલિવરી, ડિલિવરી બોય, ઘેર બેઠા ફિઝિયોથેરાપી, ઘેર બેઠા કોરોના ટેસ્ટિંગ માટે સેમ્પલ લેવા આવનાર સ્ટાફ, લેબોરેટરી, મેડિકલ સાધનો અને તેની સપ્લાય ચેઈન, માસ્ક અને ગ્લોવ્સ પ્રોડક્શન, ફાર્મા, હોસ્પિટલ નર્સિંગ સ્ટાફ, સેનેટાઇઝર,ટિફિન સવસ, ફિટનેસ અને જીમ, નમકીન, નાસ્તા, ઓનલાઈન ગ્રોસરી,શાકભાજી, તમામ કન્ઝ્યુમર અને ઉપકરણોનું ઓનલાઇન શોપિંગ, તેની ડિલિવરી, મેડીક્લેમ, જીવન વીમા , ટુ અને ફોર વ્હીલરની ખરીદીના વ્યાપ અંગે વિચારો.આ બધા સેક્ટરમાં કર્મચારીઓની મોટે પાયે જરૂરિયાત છે. જેઓ ઓછા પગાર સાથે કે ઓછી સવલતો સાથે નોકરી કરતા હતા તેઓ આ સેક્ટરમાં આવી રહ્યા છે. દુકાનમાં દસ કલાક ઊભા રહીને દસ હજાર મેળવવા તેના કરતાં નવા અને મુક્ત રાખતા એકમો અને જોબ આકર્ષે છે.

જે શ્રમિકો અને જેઓની સેવા વગર સિસ્ટમ ઠપ્પ થઈ જાય છતાં સમાજ જેઓને નિમ્ન નજરે જૂએ છે તેઓમાંથી લાખોને તેમના વતન હિજરત કરવી પડી.તેઓને પરિવારની મહત્તા સમજાઈ. તેઓને તેમના જીવનની મહત્તા અંગે આત્મમંથન થયું.તેઓને એમ પણ લાગ્યું કે તેઓના માલિક અને કોન્ટ્રાકટર દ્વારા શોષણ થાય છે.આમાંના ઘણાએ કોરોનાને લીધે ઊભા થયેલા નવા સેક્ટરમાં કામ કરવાની સજ્જતા કેળવી. ઘણા ઓછી આવક છતાં તેના જ ગામ કે નજીકના શહેરમાં ઓછા પગાર સાથે કામ કરવા માંડયા જેથી પરિવાર જોડે વધુ સમય વિતાવી શકાય.કેટલીયે મહિલાઓએ જોબ છોડી કેમ કે તેમના સંતાનોનું શિક્ષણ ઓનલાઈન થયું. તેઓએ એવી જોબ બદલી જે ઓનલાઇન કરી શકાય. મહિલાઓએ નોકરી છોડી બાળક અને પરિવાર જોડે રહેવાય તેથી તેને જે પ્રવૃત્તિ કે કળામાં રુચિ હતી અને આર્થિક કારકિર્દી માટે છોડી દીધી હતી તે ફરી શરૂ કરી અને તેને ક્વોલિટી સમય સાથે કમાણીનું પ્લેટફોર્મ બનાવ્યું. હવે તો તમારી કળા, પ્રતિભા, હુન્નર, આવડતનું ઘેર બેઠા વૈશ્વિક બજાર મળી શકે છે. શો રૂમ, સ્ટુડિયો કે રેસ્ટોરાંની જરૂર નથી૩૫થી ૪૫ વર્ષના વયજૂથના કર્મચારી એવી યોજના સાથે જોબ છોડી રહ્યા છે કે તેઓને એમ છે કે કંપનીના મેનેજર, બોસની અમાનવીય રીતે ટાર્ગેટ વધારતી દુનિયા અને પ્રમોશન તેમજ કદરમાં કંજુસાઈ કરતી માનસિકતા સહન કરવા કરતાં ભલે બે પાંચ વર્ષે વળતર મળતું થાય પણ મારું પોતાનું કંઈક કરું. હવે તો વિશ્વભરને તમારી પ્રોડક્ટ કે સેવા ઓફર કરી શકાય છે.આવા સ્ટાર્ટ અપને ફંડ પણ મળવા હવે આસાન બનતા જાય છે. સરકાર અને બેંક પણ લોન અને અન્ય રાહતો આપે છે.

કોરોના પછી રાજીનામાને મૂડીવાદ સામેના નાગરિકોના બંડ અને હતાશા તરીકે જુએ છે. શ્રીમંતો વધુ શ્રીમંત બન્યા છે.૯૫ ટકા સંપત્તિ પાંચ ટકા શ્રીમંતો પાસે છે. શ્રમિકથી માંડી વ્હાઈટ કોલર તમામ કર્મચારીઓ માને છે કે અમને તેમાંથી બે કોડી જેટલો હિસ્સો પણ નથી મળ્યો, અમારી શોષણ થતું રહ્યું છે.અમારી જોડે અમાનવીય વર્તન સાથે ધોંસ જમાવાઈ છે. હવે અમે બીજા ઊભા થયેલ સેક્ટરમાં શિફ્ટ થઈશું. અમારી જરૂરિયાતો ઓછી કરીશું. નાના ગામમાં રહી બિનજરૂરી ખર્ચ ઘટાડીશું. ફરી નોકરી અમારી શરતે કરવા આવીશું. તમે કર્મચારીઓની મહત્તા સમજી શકો તેથી આ એક એલાન આપ્યા વગરનું આંદોલન છે. જે ટ્રેન્ડ બની રહ્યો છે. બધા કરે છે એટલે હું પણ જોડાઈ જાઉં તેવો જુવાળ પણ હોઈ શકે. આ એક મોબ સાયકોલોજી જેવું છે. જેઓ નોકરી છોડે છે તે બધાની આર્થિક સ્થિતિ સંગીન નથી. કેટલાયની લોન બાકી છે, ભાવિ આવક, નોકરીની ખાતરી નથી બસ અત્યારની નોકરી છોડાવી છે તેવું દિમાગમાં ફરી વળ્યું છે.


આપણા દેશમાં રાજીનામાનો રીવાજ નથી. એટલે ગ્રેટ રેજીગ્નેશન જેવા ગીમીકસ ચાલે નહીં. કોઈને કાઢી મુકવાને બદલે સ્વૈચ્છિક રાજીનામું મુકવા કહેવામાં આવે એટલે અંગત કારણોસર કે નાદુરસ્ત તબિયતનું રૂપાળું નામ જોડવામાં આવે છે. આપણે ત્યાં ભૂતકાળમાં એવા મંત્રી હતા તે પોતાના ખાતાની ભૂલને પોતાની ભૂસ સમજી ખરા દિલથી પળનો વિલંબ કર્યા સિવાય હસતા મુખે રાજીનામું આપીને જાહેર જીવનના નૈતિક મૂલ્યોને મજબુતી પ્રદાન કરતા હતા. રાજયપાલ કે રાષ્ટ્રપતિ તેમના રાજીનામાં મંજૂર કરી દેતા હતા!! લાલ બહાદુર શાસ્ત્રીએ રેલવેને થયેલ અકસ્માતની જવાબદારીના ભાગરૂપે રાજીનામું આપી દીધું હતું. હવે તો કોર્ટ ધક્કો મારીને કાઢી મુકે તો પણ ખુરશી છોડવાના બદલે ખુરશીને ચિટકી રહે છે. મૂઆ ઉખડવાનું નામ લેતા નથી!! ચારેબાજુથી પ્રેશર આવે તો મહાન ત્યાગીની જેમ ( ના) રાજીનામું ધરે છે!! આપણે ત્યાં નાછૂટકે, નાઈલાજે, અંતિમ વિકલ્પ સ્વરૂપે ( ના) રાજીનામું મુકવામાં આવે છે!!!

જય હો ( ના) રાજીનામાનો! જય હો!!

ભરત વૈષ્ણવ
૨૨.૩.૨૦૨૩.

# શીર્ષક : આપણાં પુસ્તક

પુસ્તકઃ ગાંધીવારસાના નારીરત્નો, લેખિકાઃ ડૉ. મોસમ ત્રિવેદી, સંપાદકઃ કેતન રુપેરા અને પ્રકાશિત કરનાર ‘અણમોલ પ્રકાશન’ ના ડૉ. ગૌરાંગ જાની,




ગાંધીમાર્ગનાં પ્રસારક અને પ્રેરક એવા મુ.ઈલાબહેન ભટ્ટને અર્પણ કરેલ છે. ૨૦૧૫માં સોરાષ્ટ્રના અગ્રણી અખબાર ‘ફૂલછાબ’ ની કૉલમમાં લેખન કર્યું, તે સંપાદિત સ્વરૂપ આ પુસ્તક છે.આ પુસ્તકમાં મહાત્મા ગાંધીના પ્રભાવમાં આવેલ સ્ત્રીઓ સાથેના અનુભવો કે પ્રસંગો વિશે ૨૩ પેજથી લઈને ૨૪૯ પેજ સુધીમાં માહિતીની પૂર્તિ કરવામાં આવેલ છે.

આ પુસ્તકમાં ૧૮૪૪ થી લઈને ૧૯૩૯ સુધીના સમયગાળાની સ્ત્રીની વાત કરવામાં આવેલ છે. જેમાં પુતળીબાઈ, કસ્તૂરબા, જમનાબાઈ સક્કઈ, ગંગાબેન વૈદ્ય, જાયજીબહેન પિટીટ, શારદાબહેન મહેતા અનસુયાબહેન સારાભાઈ, મીઠુબહેન પિટીટ, તારાબહેન મોડક, જ્યોત્સનાબહેન શુક્લ, લક્ષ્મીબહેન ખરે, પ્રેમીલાલાબહેન ઠાકરસી, જયશ્રીબહેન રાયજી, કંચનબહેન દેસાઈ, ગંગાબહેન ઝવેરી, હંસાબહેન મહેતા, જયવતી દેસાઈ, ભક્તિબા, વસુમતીબહેન ઠાકોર, મણિબહેન પટેલ, દેવીબહેન પટ્ટણી, પ્રેમાબહેન કંટક, ઈન્દુમતીબહેન શેઠ, વિનોદીની નીલકંઠ,પેરીનબહેન મિસ્ત્રી, કુસુમબહેન દેસાઈ, તારાબહેન મશરૂવાળા, મૃદુલાબહેન સારાભાઈ, ચારુમતિબહેન યોદ્ધા, કમળાબહેન પટેલ, ગંગાબહેન પટેલ, વીરબાળાબહેન નાગરવાડિયા, પૂર્ણિમાબહેન પકવાસા, ઉદયપ્રભાબેન મહેતા, સુભદ્રા શ્રોફ, લાભુબહેન મહેતા, મંજુલાબેન દવે, નર્મદાબહેન પાઠક, હીરાબહેન નીનામા, દશરીબહેન ચૌધરી, સરોજબહેન પટેલ, કાશીબહેન મહેતા, ઉષાબહેન મહેતા, વિદ્યાબહેન મહેતા, વિદ્યાબહેન શાહ, જયાબહેન શાહ, હરિઈચ્છાબહેન વૈદ્ય, વીમુબહેન બધેકા, માલિનીબહેન દેસાઈ, પુષ્પાબહેન દેસાઈ, નિર્મળાબહેન શેઠ, નિરૂબહેન પટેલ, સુરજબહેન કામદાર, શાંતાબહેન રાજપ્રિય, મનુબહેન ગાંધી, ચંદ્રકાંતા અને હરવિલાસ, ઈલાબહેન ભટ્ટ, નીલમબહેન પરીખ, તારાબહેન ગાંધી, કોકિલાબહેન વ્યાસ, નિરંજનાબહેન કલાથી, અને ગંગાબહેન મજમુદારની જાણીતી-અજાણી, નોખી-અનોખી, અપ્રાપ્ય ને લુપ્ત માહિતી પુસ્તક રૂપે મળે છે.

પુતળીબાઈએ ‘મોનિયો’ એટલે કે, મોહનદાસને વિલાયત જતાં પહેલાં વ્યસનોથી દૂર રહેવાં બાધા લેવડાવેલ તે પ્રેરણા થકી તમિલનાડુની સ્કુલમાં ૫મી ઓગસ્ટે કસુવા ગામમાં કાર્યક્રમ રાખવામાં આવે છે.

મજુરો ને સલાહ સુચન આપનાર અનસુયાબહેન સારાભાઈ હોય, સુભદ્રા શ્રોફ સ્ત્રી શિક્ષણનું કાર્ય કરનાર, ખાદી સંશોધન અને પ્રચાર-પસાર કરનાર અને નશાબંધી મીઠુબહેન પિટીટ, ભાવનગરમાં ફીમેલ ટ્રેનિંગ કોલેજમાં પ્રથમ ભારતીય પ્રિન્સીપાલ, બાળશિક્ષણ, અનેઅપૃશ્યતા – નિવારણ સંવેદનાપુર્વકના પ્રયત્નો કરનાર તારાબહેન મોડક, લેખન અને પત્રકાર જ્યોત્સનાબહેન શુક્લ,

સ્વાતંત્ર્યની લડત દરેક રીતે સ્ત્રીઓ એ પોતાનાથી બનતી નહી પરંતુ પોતે પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને પણ મહિલાઓને આગળ લાવવા માટેની ઝુબેંશ છેડે છે. આ પુસ્તકમાં સમાયેલ નારીના પરિશ્રમ અને નિષ્ઠાનો ઘણો મોટો ફાળો છે. પદ્મશ્રી, પદ્મભૂષણ કે પદ્મવિભૂષણથી સન્માનિત અનેક એવોર્ડ પ્રાપ્ત બહેનો પણ છે. ગાંધીજીએ લખેલ પત્રો અને નારીનો પાસપોર્ટ ફોટોગ્રાફસની અને ટૂંકા પરિચયની નોંધની સાથે વિશેષ માહિતી વિષયક માહિતી વાંચવી એ ખરેખર ખુબ જ ઉત્તમ કામ છે. આ પુસ્તકની પ્રસ્તાવના ‘બિરદ ભોંય પર પદચિહ્નો’ શીર્ષક હેઠળ બકુલા ઘાસવાલાએ નોંધ્યું છે કે, ‘એક અગત્યના ઐતિહાસિક સમયખંડને આવરી લઈને ૬૪ જેટલી માતબર સંખ્યામાં સામાજિક, સાંસ્કૃતિક,રાજકીય, શૈક્ષણિક, કૃષિ, સાહિત્યિક નિસબત ધરાવતી પ્રતિબદ્ધ કર્મશીલ સ્ત્રીઓની યશગાથાનું લેખન કરેલ છે.’

ભારતીબેન ઈશ્વરભાઈ વાઘેલા

# અમૃતપાલ સિંહે ગૂરૂદ્વારામાં વિતાવ્યા ૪૫ મીનિટ, ફોનનો પણ ઉપયોગ કર્યો : રિપોર્ટ

ચંડીગઢ,તા.૨૨

કટ્ટરપંથી શીખ ઉપદેશક અને વારિસ પંજાબ દેના વડા અમૃતપાલ સિંહને લઈને વધુ એક મોટો ખુલાસો થયો છે. પંજાબ પોલીસના જણાવ્યા અનુસાર, અમૃતપાલ સિંહ ૧૮ માર્ચ શનિવારના રોજ પંજાબથી ભાગી રહ્યો હતો ત્યારે ઓછામાં ઓછા ૪૫ મિનિટ સુધી ગુરુદ્વારામાં હતો. ગુરુદ્વારાના ઉપદેશક (પાદરી) અને તેમની પત્ની દ્વારા આપવામાં આવેલા નિવેદન મુજબ, અમૃતપાલ બપોરે ૧ વાગ્યે ગુરુદ્વારા આવ્યો હતો અને ૧.૪૫ વાગ્યે ત્યાંથી નીકળી ગયો હતો. પાદરી અને તેને કપડાં પૂરા પાડનારા તેના પરિવારના સભ્યોને સાંજે ૪ વાગ્યા સુધી ખબર ન હતી કે પંજાબ પોલીસ અમૃતપાલનો પીછો કરી રહી છે.

નાંગલ અંબિયા ગુરુદ્વારાના વડા રણજીત સિંહે જણાવ્યું કે જ્યારે અમૃતપાલ અને તેના માણસો તેમના ગુરુદ્વારામાં આવ્યા ત્યારે તેઓ ચિંતિત હતા કારણ કે તેમને લાગ્યું કે તેઓ હંગામો કરવા આવ્યા છે. અમૃતપાલ જ્યારે ગુરુદ્વારા પહોંચ્યો ત્યારે તેની સાથે ચાર લોકો પણ હતા. તેણે ગુરુદ્વારામાં આવીને કહ્યું કે તેને એક કાર્યક્રમમાં ભાગ લેવાનો છે જેના માટે તેને કપડાંની જરૂર છે. રણજીત સિંહે કહ્યું કે ×મને આઘાત લાગ્યો હતો પરંતુ મેં જે કહ્યું તે કર્યું અને મારા પુત્રના કપડાં લઈ લીધા.× અમૃતપાલે તેની પાસે લાંબી ટ્રાઉઝરની જોડી માંગી. અમૃતપાલના માણસો ફોન પર કોઈને ‘મહાલ‘ વિશે પૂછી રહ્યા હતા પરંતુ તે સમયે કોઈ શંકા નહોતી.

અમૃતપાલે રણજીત સિંહને પૂછ્યું કે શું તે તેનો (પાદરીનો) ફોન વાપરી શકે છે. અમૃતપાલે રણજિક સિંઘનો ફોન લીધો અને થોડા સમય પછી તે પરત કર્યો, જ્યારે તેઓ ગુરુદ્વારામાંથી બહાર નીકળી રહ્યા હતા. રણજીત સિંહની પત્ની નરિન્દર કૌરે ધ ટ્રિબ્યુનને જણાવ્યું હતું કે ગુરુદ્વારા છોડતા પહેલા તેણે પોતાની વાદળી અને કેસરી પાઘડી ઉતારી હતી અને ઘરમાં ઉપલબ્ધ સામાન્ય પાઘડી પહેરી હતી. અમૃતપાલ સિંહ ક્યાં છે? પંજાબમાં જોરદાર કાર્યવાહી શરૂ કર્યાના ચાર દિવસ પછી પણ અમૃતપાલ સિંહનું ઠેકાણું જાણી શકાયું નથી. પંજાબમાં ઈન્ટરનેટ પણ બંધ કરી દેવામાં આવ્યું છે. અમૃતપાલ સિંહ ભાગેડુ જાહેર થયા બાદ ફરાર છે. પંજાબ પોલીસે આ મામલે કાર્યવાહી કરતા અત્યાર સુધીમાં લગભગ ૧૮૦ લોકોની ધરપકડ કરી છે. આ સાથે અનેક ગેરકાયદેસર હથિયારો પણ મળી આવ્યા છે. પંજાબ પોલીસે અમૃતપાલ સિંહ પર જોરદાર આરોપ લગાવ્યા છે. પોલીસે એ વાતની પુષ્ટિ કરી નથી કે અમૃતપાલ પંજાબ છોડી ગયો છે કે કેમ, પરંતુ ઉત્તરાખંડ પોલીસે ભારત-નેપાળ બોર્ડર પાસેના તમામ ગુરુદ્વારા, હોટલની તપાસ શરૂ કરી છે. પંજાબ પોલીસે અમૃતપાલ સિંહની અલગ-અલગ વેશભૂષા અને આઉટફિટમાં ૭ તસવીરો જાહેર કરી છે જેથી કરીને જો તે પોતાનો દેખાવ બદલે તો પણ તેને પકડી શકાય.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**: NOG SSG NO: 126.**
નામઃ મોહનભાઈ પરમાર "આનંદ "
વિષયઃ ચારિત્ર્ય
પ્રકારઃ ગદ્ય ( ચિંતન લેખ)
ચારિત્ર્ય એટલે શીલ સદાચાર નું આચરણ
રૂઢિ, શાસ્ત્રોએ કહેલા નીતિ નિયમો દ્વારા સદ આચરણ કરવું, એવા આચરણથી સારી ટેવો પડે તેથી સત્કર્મો થાય, સંત કર્મ કરવાથી મન બુધ્ધિ ઈન્દ્રિયો પ્રસન્નતા અનુભવે અને ભીતર એક
આનંદનું ઝરણું ફૂટી તમારી વાણી અને વ્યવહારમાં વહેવા માંડે
એ જ તમારું ચારિત્ર્ય છે. જેના પર લોકો વિશ્વાસ કરે.

ધર્મ એકલો શ્રદ્ધાનો વિષય નથી , ધર્મ એ માનવને સત કર્મમાં જોડતો એક પુલ છે, ધર્મમાં મર્યાદાઓ છે જેનું પાલન કરવું પડે છે
તેથી જ જેમ એક મળી કાપકૂપ કરી સુંદર બગીચો બનાવે છે,એમ
સદાચાર અને શીલ દ્વારા વ્યક્તિ પોતાના. ચારિત્ર્ય મય જીવનનું ઘડતર કરે છે. ધર્મ આધ્યાત્મ યોગ અને વિજ્ઞાન પરસ્પર અવલંબે છે અને ચારિત્ર્ય નિર્માણ માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે .

ધર્મ સકારાત્મક વિચારો દ્વારા વિચારોને બળ આપે છે,યોગ તમને યમ નિયમ દ્વારા નિષ્ઠાવાન બનાવે છે આસન સ્થિરતા બક્ષે છે.
પ્રાણાયામ શરીર અને મનને મજબૂત બનાવી સૂક્ષ્મ પ્રાણ દ્વારા
મન બુદ્ધિ પર નિયંત્રણ લાવી તમારા ધ્યેયમાં પ્રતિષ્ઠિત કરે છે.
એકાગ્રતા? દ્વારા મન ધારણ શક્તિ વધારી ધ્યેયમાં સુદ્રઢ રહે છે.
તેથી વસ્તુ વ્યક્તિ કે પરિસ્થિતિને સમજવું સુલભ થાય એવું
સુંદર ચારિત્ર્ય ઘડતર થાય છે.

ધારણાની સિધ્ધિ એટલે જ ધ્યેયમાં તદ્રુપતા અને પછી એની પ્રાપ્તિ થાય છે. આમ મનના સંયમ દ્વારા સમ્યક્ત્વ પ્રાપ્તિ થવી એ જ ચારિત્ર્ય નિર્માણનો હેતુ છે.તેથી જીવન આનંદમય પ્રેમમય અને કરુણામય બને છે. ચારિત્ર્યવાન વ્યક્તિની ઊર્જા અને સંકલ્પો આખા વિશ્વને પ્રભાવિત કરે છે. હંમેશા સદગુણોનું ઉપાર્જન અને દુર્ગુણો નું વિસર્જન કરી દિવ્યતા પ્રાપ્ત કરવી એ જ ચારિત્ર્યનો ખરો અર્થ છે.જીવનમાં રસાનુભૂતિ મેળવી હોય,સુખ શાંતિ સમૃદ્ધિ પામવી હોયસદૈવ પ્રસન્ન રહેવું હોય તો માનવીએ સદાચાર દ્વારા પોતાનું ચારિત્ર્ય ઘડતર કરવું અનિવાર્ય છે,ૐ આનંદ ૐ.

મોહનભાઈ આનંદ

************************************

**NOG SS N 0089**
વિષય ચારિત્ર્ય
શીર્ષક સાચવો
પ્રવિણા કડકિઆ
——-

જુવાની જશે રોકી નહી રોકાય .
ચારિત્ર્ય પર ડાઘ પડશે! સાબુ કે કલોરોકસથી નહી જાય ! લ
પૈસા ગુમાવીશું, મહેનત કરો પાછા કમાઈ લેવાશે. જેમ શ્વાસ લેવામાં ઢીલ નથી ચાલતી તેમ ચારિત્રયનું રક્ષણ સદા કરવું . તેમાં આંખ આડા કાન કરશો તો કલંક આખી જીંદગી ભર હેરાન કરશે.

જીવનભર લાગેલો એ દાગ મૃત્યુ પર્યંત છાલ નથી છોડતો. હીરાના હાર કરતા પણ ચારિત્ર્ય અતિ મૂલ્યવાન છે.

અમારા ગામના મુખિયા પ્રત્યે કાલુ શેઠ હંમેશ વૈમનસ્ય રાખતા. ખોટા કેસમાં સંડોવી ચારિત્ર્ય પર ડાઘ લગાવ્યો.
મુખિયા મરતાને મર ન કહે એવા સરળ.
એમના ચારિત્ર્ય પર ડાઘ ગામ વાળા માનવાને તૈયાર ન હતા. એની ચિંતામાં મુખિયાએ પથારી પકડી.
નસિબ જોગે તેના મુનીમે જાનના જોખમે
જુબાની આપી કલંક દૂર કર્યું . મુખીએ
મરતી વખતે સંતોષથી જીવ છોડ્યો.
જેનું ચારિત્ર્ય અડીખમ તેના જીવનની યાત્રા સફલતાને વરે. ક્યારેય જીવનમાં નીચા જોણું ન થાય .
ચારિત્રયની મૂડી સદા જાળવજો
તેની રક્ષા અને સંભાળ પ્રાણ સાટે

********************************

**: NOG SS No :**
વિષય : ચારિત્ર્ય
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : ચારિત્ર્ય નિર્માણ
શબ્દો : ૭૨
લેખિકા : ડૉ રમીલાબેન ડી મકવાણા ★રમા★

★ચારિત્ર્ય નિર્માણ★

દેશને દુનિયામાં સર્વત્ર ચારિત્ર્ય નિર્માણ કરીએ,
આપણાં આચરણમાં ચારિત્ર્ય નિર્માણ કરીએ.
સંબંધોમાં મીઠાશ રાખવા ચારિત્ર્ય નિર્માણ કરીએ,
વિશ્વાસપાત્ર બનવા માટે ચારિત્ર્ય નિર્માણ કરીએ.
આધ્યાત્મિક ચરિતાર્થરૂપે ચારિત્ર્ય નિર્માણ કરીએ,
આપનાં જીવન ઘડતરમાં ચારિત્ર્ય નિર્માણ કરીએ.
ધર્મપરાયણમાં રહેવા ચારિત્ર્ય નિર્માણ કરીએ,
યોગિકક્રિયાઓથી સૌ ચારિત્ર્ય નિર્માણ કરીએ.
યમ-નિયમ-સંયમ રાખીને ચારિત્ર્ય નિર્માણ કરીએ,
પ્રમાણિકતા પ્રદાન કરવા ચારિત્ર્ય નિર્માણ કરીએ.
વિશ્વમાં શાંતિ સ્થાપવા ચારિત્ર્ય નિર્માણ કરીએ,
★રમા★ નાં બે બોલ ઝીલીને ચારિત્ર્ય નિર્માણ કરીએ.

# ભારતની પાવર ગ્રીડે ઉનાળામાં સંકટનો સામનો કરવાની તૈયારી શરૂ કરી દીધી છે

નવીદિલ્હી,તા.૨૨

હવામાનમાં અચાનક પલટો આવતાં ગરમીમાંથી રાહત મળી છે. પરંતુ હજુ પણ ઉનાળામાં વીજ કટોકટીનું વલણ દેશના વિવિધ રાજયોમાં જોવા મળી શકે છે. ગરમી વધવાની સાથે વીજળીની માંગમાં પણ વધારો થવાની ધારણા છે. જેના પગલે વીજ ઉત્પાદન માટે પર્યાપ્ત ક્ષમતા અને તેના સંચાલન માટે ફૂલપ્રૂફ તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટરે પણ આગાહી કરી છે કે આવતા એપ્રિલ મહિનાથી જ વીજળીની તીવ્ર અછત સર્જાઈ શકે છે. આ વર્ષે વીજળીની અનુમાનિત પીક માંગમાં ૮ ટકાનો વધારો નોંધવામાં આવે તેવી અપેક્ષા છે. આ વર્ષે દેશમાં વીજળીની અનુમાનિત પીક માંગ ૨૩૦ જીડબ્લ્યુ (ગીગા વોટ) માં અપેક્ષિત રેકોર્ડ વધારાને કારણે સમર એક્શન પ્લાન પર કામ કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ગયા વર્ષની સૌથી વધુ માંગની વાત કરીએ તો જુલાઈમાં તે ૨૧૧.૬ જીડબ્લ્યુ નોંધાઈ હતી. પરંતુ આ વર્ષે સૌથી વધુ માંગ ૨૩૦ ગીગાવોટ (ગીગા વોટ) રહેવાનો અંદાજ છે. એક અહેવાલ મુજબગરમીનો સામનો કરવા અને કોઈપણ સંકટથી બચવા માટે પહેલેથી જ મોટી તૈયારીઓ કરવામાં આવી રહી છે. ઈલેક્ટ્રીસીટી એક્ટને ટાંકીને પરંપરાગત થર્મલ પાવર પ્લાન્ટનો મેઈન્ટેનન્સ પ્રોગ્રામ આગામી ત્રણ મહિના માટે સ્થગિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ તમામ પ્લાન્ટને ૧૬ માર્ચથી ૩૦ જૂન સુધી સંપૂર્ણ ક્ષમતા સાથે વીજળીનું ઉત્પાદન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આયાતી કોલસામાંથી વીજળીનું ઉત્પાદન કરતા આ પાવર પ્લાન્ટ્સને કડક આદેશ જારી કરવામાં આવ્યા છે. ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમ ૧૧ એવી જોગવાઈ કરે છે કે અસાધારણ સંજોગોમાં સરકાર જનરેટ કરતી કંપનીને કોઈપણ સ્ટેશનનું સંચાલન અને જાળવણી કરવા માટે નિર્દેશ આપી શકે છે.

રાજયની ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ આ પ્લાન્ટ્સ સાથે પાવર પરચેઝ એગ્રીમેન્ટ ધરાવે છે. આ કરાર હેઠળ તેમને ઉત્પન્ન થતી વીજળી માટે ઈનકાર કરવાનો પ્રથમ અધિકાર પણ મળ્યો છે. જો આ રાજયો જનરેટેડ પાવર ન ખરીદવાનું પસંદ કરે તો ડેવલપર્સ આ પાવરને માર્કેટમાં વેચી શકે છે. એનટીપીસીએ તેના પ્લાન્ટ્સ માટે ઓર્ડર પણ જારી કર્યા છે. સરકારી માલિકીની એનટીપીસી લિમિટેડે લગભગ ૫,૦૦૦ મેગાવોટ ગેસ આધારિત જનરેશન (૧,૦૦૦ મેગાવોટ ૧ જીડબ્લ્યુ બરાબર છે) કમિશન આપવાના આદેશો જાહેર કર્યા છે અને આ સ્ટેશનોમાંથી ઉત્પન્ન થતી વીજળી વેચવાની છે અને જનરેટ થયેલી બાકીની વીજળી બજારમાં વેચી શકાશે. અધિકારીઓએ સંકેત આપ્યો કે પાવર કટોકટીનો સામનો કરવા માટે ૧૮ દિવસ ખૂબ જ ખાસ માનવામાં આવે છે. આ માટે એપ્રિલ મહિનામાં દક્ષિણ વિસ્તારમાં સાંજે વીજળીના ઉત્પાદન પર ભાર આપવા સૂચના આપવામાં આવી છે. એડવાઈઝરીમાં સ્થાનિક પુરવઠામાં કોઈપણ સંભવિત અછતને પહોંચી વળવા પરંપરાગત થર્મલ પ્લાન્ટ્સમાં આયાતી કોલસાના ૬ ટકા મિશ્રણની ખાતરી કરવાની પણ સલાહ આપવામાં આવી છે.

દેશમાં લિથિયમ સ્ટોરેજની અછત છે. સરકારે આ વર્ષના બજેટમાં ૪૦૦૦ મેગાવોટ લિથિયમ-આયન બેટરી સ્ટોરેજ માટે પ્રસ્તાવ પણ મૂક્યો છે. એવું માનવામાં આવે છે કે હાલમાં મોટા પાયે સંગ્રહ માટે લિથિયમનો કોઈ સક્ષમ વિકલ્પ નથી. ઉર્જા સંગ્રહ માટે ઓફ-સ્ટ્રીમ પમ્પ્ડ સ્ટોરેજ એકમાત્ર સક્ષમ વિકલ્પ છે. પરંતુ આ પ્રોજેક્ટ્સ માટે સાઈટની પસંદગી સમય માંગી લે તેવી છે. કહેવાય છે કે કોવિડ મહામારી પછી ખુલ્લી અર્થવ્યવસ્થાએ પણ ઘણા મોટા પડકારોને જન્મ આપ્યો છે. જો કે દર વર્ષે ઉનાળામાં વીજળીની સમસ્યા સર્જાય છે. પરંતુ હવે ઘણા વધુ કેસ ઝડપથી વધી રહ્યા છે જેના કારણે આ દિશામાં વધુ મુશ્કેલીઓ વધી છે.

# છેલ્લા કેટલાક મહીનાઓથી જદયુમાં ખુબ ઉથલ પાથલ મચેલી છે,નવી ટીમ થોડી સ્થિરતા લઈ આવશે

પટણા,તા.૨૨

જનતાદળ યુનાઈટેડ (જદયુ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહે પાર્ટીના નવા રાષ્ટ્રીય પદાધિકારીઓના નામોની જાહેરાત કરી છે.જદયુ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર મંગની લાલ મંડલને ઉપાધ્યક્ષ પદની જવાબદારી આપવામાં આવી છે.નવી ટીમમાં ૨૨ નેતાઓને મહામંત્રી બનાવવામાં આવ્યા છે.જેમાં સૌથી ચોંકાવનારૂ નામ મૌલાના ગુલામ રસુલ બલિયાવીનું છે.જયારે પાર્ટીના વરિષ્ઠ નેતા કિશન ચંદ ત્યાગી (કે સી ત્યાગીને)પાર્ટીના રાષ્ટ્રીય પદાધિકારીઓની યાદીમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે.

કે સી ત્યાગી સતત ટીવી ડિબેટ્સમાં પાર્ટીના ચહેરા તરીકે જોવામાં આવતા હતાં પરંતુ છેલ્લા કેટલાક મહીનાઓમાં તે મીડિયામાં ઓછા નજરે પડવા લાગ્યા હતાં.માનવામાં આવે છે કે મુખ્યમંત્રી નીતીશકુમારથી તેમનું અંતર વધી રહ્યું હતું અને આજ કારણ છે કે તે આ વખતે પાર્ટીના રાષ્ટ્રીય પદાધિકારીઓની યાદીમાં પોતાની જગ્યા બનાવી શકયા નહીં. પુરાની ટીમમાં ત્યાગી રાષ્ટ્રીય મહામંત્રીના પદે હતાં એ યાદ રહે કે ગત કેટલાક મહીનાઓથી જદયુમાં ખુબ ઉથલપાથલ મચી હતી આવામાં પાટી આશા કરી રહી હશે કે નવી ટીમ થોડી સ્થિરતા લઈ આવશે.જદયુના રાષ્ટ્રીય મહામંત્રી આફાક અહમદ ખાન તરફથી જારી કરવામાં આવેલ યાદીમાં પૂર્વ ધારાસભ્ય રાજીવ રંજનને બેવડી જવાબદારી આપવામાં આવી છે.રંજનને મહામંત્રીની સાથે સાથે રાષ્ટ્રીય પ્રવકતા પણ બનાવવામાં આવ્યા છે.જયારે સંતોષકુમાર કુશવાહા રામસેવક સિંહ ચંદ્રેશ્વર પ્રસાદ ચંદ્રવંશી દસઈ ચૌધરી ગુલામ રસુલ બલિયાવી આર પી મંડલ વિજયકુમાર માંઝી,ભગવાનસિંહ કુશવાહા કહકશાં પરવીન રામનાથ ઠાકુર અલી અશરફ ફાતમી સંજય ઝા ગિરધારી યાદવ રાજકુમાર શર્માને પણ મહામંત્રી બનાવવામાં આવ્યા છે.સાંસદ આલોકકુમાર સુમનને કોષાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે જયારે સાત નેતાઓને રાષ્ટ્રીય સચિવ બનાવવામાં આવ્યા છે.

# ક્રૂડ તેલનો વાયદો રૂ.૮ જેટલો નોમિનલ ઘટ્યોઃ સોના-ચાંદીમાં એકંદરે સુધારો

**કોટન-ખાંડીના વાયદામાં રૂ.૧૦૦ની નરમાઈઃ મેન્થા તેલમાં ઢીલાશઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૩૮૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૦,૪૦૬.૭૨ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૯ કરોડનાં કામકાજ**




ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૧,૬૪૭ સોદાઓમાં કુલ રૂ.૧૭,૮૦૫.૧૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૩૮૯.૧૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૦,૪૦૬.૭૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૩,૫૬૬ સોદાઓમાં રૂ.૪,૬૫૮.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૫૬૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૭૫૬ અને નીચામાં રૂ.૫૮,૪૭૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨ વધી રૂ.૫૮,૬૧૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩૩ વધી રૂ.૪૬,૬૪૬ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૫,૭૫૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦ વધી રૂ.૫૮,૫૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૮,૫૬૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૯૭૫ અને નીચામાં રૂ.૬૮,૫૧૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૫ વધી રૂ.૬૮,૭૭૯ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૫૫ વધી રૂ.૬૮,૭૮૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૫૫ વધી રૂ.૬૮,૮૦૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૬૦૩ સોદાઓમાં રૂ.૧,૩૩૫.૦૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ માર્ચ વાયદો રૂ.૭૬૩ના ભાવે ખૂલી, રૂ.૩.૭૦ વધી રૂ.૭૬૭.૬૫ જયારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૨૦૩.૦૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૨૫૫ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૫૦ વધી રૂ.૨૦૩.૩૦ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૮૨.૪૫ જસત-મિની માર્ચ વાયદો રૂ.૦.૧૫ વધી રૂ.૨૫૪.૯૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૨,૬૮૭ સોદાઓમાં રૂ.૧,૩૮૫.૬૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૭૪૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૭૭૫ અને નીચામાં રૂ.૫,૭૨૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮ ઘટી રૂ.૫,૭૬૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૯ ઘટી રૂ.૫,૭૬૮ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૦ના ભાવે ખૂલી, રૂ.૧.૮૦ ઘટી રૂ.૧૮૫.૪૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૦.૧ ઘટી ૨૦૦.૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૦.૪૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૩૨૦ અને નીચામાં રૂ.૬૧,૧૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૦ ઘટી રૂ.૬૧,૧૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૪૦ ઘટી રૂ.૯૮૫.૯૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૮૪૭.૭૮ કરોડનાં ૪,૮૫૧.૦૫૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૧૦.૨૩ કરોડનાં ૨૬૩.૦૭૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૦૩.૩૬ કરોડનાં ૮,૭૫,૩૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૮૨.૨૯ કરોડનાં ૪,૫૬,૫૨,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૪૯.૯૨ કરોડનાં ૭,૩૮૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૬.૦૩ કરોડનાં ૧,૯૭૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮૪૪.૬૦ કરોડનાં ૧૧,૦૫૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૦૪.૫૧ કરોડનાં ૧૧,૯૭૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૪૧ કરોડનાં ૭૨૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૦૨ કરોડનાં ૬૦.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૩૦૬.૮૧૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૮૭.૪૨૬ ટન, તાંબાના વાયદાઓમાં ૧૧,૭૨૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૫,૭૨૭ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૬૬૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૬૦૭ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૧,૫૦,૧૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૫૧,૨૩,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૨,૮૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૭૧.૮૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૯.૩૦ કરોડનાં ૧૧૭ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૪૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૮૭૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૯૩૯ અને નીચામાં ૧૫,૮૭૨ બોલાઈ, ૬૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૯ પોઈન્ટ વધી ૧૫,૯૦૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૦૪૦૬.૭૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૦૦૧.૨૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૨.૩૩ કરોડનાં કામ થયાં હતાં.

એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭૯૬.૯૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩૯૨.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૪૭.૬૬ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૬.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૮૦.૭૦ અને નીચામાં રૂ.૨૫૮.૮૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮.૩૦ ઘટી રૂ.૨૭૬ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૭૫ ખૂલી, ઉપરમાં રૂ.૭.૯૦ અને નીચામાં રૂ.૫ રહી, અંતે રૂ.૦.૪૫ ઘટી રૂ.૫.૪૦ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૦ અને નીચામાં રૂ.૬૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦ ઘટી રૂ.૯૧ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૬ ખૂલી, ઊપરમાં રૂ.૩૨૮ અને નીચામાં રૂ.૨૧૫.૫૦ રહી, અંતે રૂ.૬.૫૦ ઘટી રૂ.૨૮૬ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૭૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૪૬ વધી રૂ.૧,૫૨૮.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૬૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૭૩ના ભાવે ખૂલી, રૂ.૧૨૧.૫૦ વધી રૂ.૧,૭૬૧.૫૦ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૭૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૭૯ ઘટી રૂ.૭.૮૩ જસત માર્ચ રૂ.૨૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૯ વધી રૂ.૦.૨૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૭૦.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૮૭.૨૦ અને નીચામાં રૂ.૨૫૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬ ઘટી રૂ.૨૬૧.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૦.૭૫ અને નીચામાં રૂ.૬.૧૫ રહી, અંતે રૂ.૧.૩૦ વધી રૂ.૧૦ થયો હતો.

સોનું માર્ચ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૨.૫૦ અને નીચામાં રૂ.૧૩૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨.૫૦ ઘટી રૂ.૧૮૬.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૫૫ અને નીચામાં રૂ.૧૭૦ રહી, અંતે રૂ.૧૯ ઘટી રૂ.૨૩૩.૫૦ થયો હતો.

## World Water Day Celebration at Rai University



Rai University recently organized a session on World Water Daywhere Ms. Preeti Das, an Assistant Professor at Rai School of Management Studies, highlighted the critical role of water in various processes, maintaining the ecosystem, climate, and human health. The UN's report reveals that 2.2 billion people lack safe drinking water, and India's 600 million people are facing water scarcity due to pollution and inadequate infrastructure. She stressed the need for innovative ideas like rainwater harvesting, wastewater treatment, and water-efficient technologies to conserve water.

# ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ સાબરમતી મધ્યસ્થ જેલની ઓચિંતી મુલાકાત લીધી

- મધ્યસ્થ જેલની અલગ અલગ બેરેક ઉપરાંત રસોઈ ઘર અને જેલની હોસ્પિટલનું પણ સ્વનિરીક્ષણ કર્યુ
- બે કલાકથી વધુ સમય સુધી જેલની તમામ વ્યવસ્થાના કરાયેલા નિરીક્ષણ બાદ મંત્રીશ્રીએ જેલના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી જરૂર સૂચનો કર્યા
- રીઢા ગુનેગારોને કટ્ટરવાદી માનસિકતામાંથી બહાર લાવવા અને તેમને સમાજના પ્રવાહમાં પુનઃ જોડવા માટે વિશેષ કાર્યયોજના તૈયાર કરવા મંત્રીશ્રીના આદેશ



અમદાવાદ ,

અમદાવાદ ખાતે આવેલી સાબરમતી મધ્યસ્થ જેલની આજે સાંજે ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આકસ્મિક મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ બે કલાકથી વધુ સમય મધ્યસ્થ જેલની અલગ અલગ બેરેક ઉપરાંત રસોઈ ઘર અને જેલની હોસ્પિટલ સહિત સમગ્ર જેલ વ્યવસ્થાઓ તથા કેદીઓને અપાતી સુવિધાઓનું પણ સ્વનિરીક્ષણ કર્યું હતું. આઝાદીની ચળવળ દરમિયાન પહેલી જેલયાત્રા વખતે મહાત્મા ગાંધીજીને જ્યાં રાખવામાં આવ્યા હતા તે સાબરમતી મધ્યસ્થ જેલમાં કેદીઓ માટે મંદિર સમાન એવા 'મહાત્મા ગાંધી યાડ' તેમજ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં બનાવાયેલા 'સરદાર યાર્ડ'ની મંત્રીશ્રીએ મુલાકાત લીધી હતી. જો સજા નહીં હોય તો ડર નહીં હોય, અને જો ડર નહીં હોય તો શિસ્ત પણ નહીં હોય અને જો શિસ્ત નહીં હોય તો આપણે સ્વસ્થ સમાજની કલ્પના કરી શકતા નથી. આથી, સજાની પ્રક્રિયા ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ જેલ પ્રશાસનની પણ જવાબદારી છે કે જો કોઇ વ્યક્તિ સ્વભાવગત અને રીઢો ગુનેગારો ન હોય તો આવા તમામ કેદીઓને સમાજમાં ફરીથી સ્થાપિત થવાનું તેઓ માધ્યમ બને.

બે કલાકથી વધુ સમય સુધી જેલની તમામ વ્યવસ્થાના કરાયેલા નિરીક્ષણ બાદ મંત્રીશ્રીએ જેલના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. રીઢા ગુનેગારોને કટ્ટરવાદી માનસિકતામાંથી બહાર લાવવા અને સમાજના પ્રવાહમાં પુનઃ જોડવા માટે શું પગલાં લઈ શકાય તેના પર આ બેઠકમાં ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી અને તે માટે જરૂરી તમામ પ્રયત્નો કરવા માટેની કાર્યયોજના તૈયાર કરવા મંત્રીશ્રીએ વિશેષ ભાર મૂક્યો હતો. આ બેઠકમાં ગૃહ વિભાગના સચિવ શ્રી નીપૂર્ણા તોરવણે પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં મધ્યસ્થ જેલના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા ગૃહ વિભાગના અધિકારીશ્રીઓને ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જરૂરી સૂચનો કર્યા હતાં.

### કર્ણાટકમાં વસતા અને વ્યાપાર ધંધો કરતા ગુજરાતી સમાજના આગેવાનો સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બેઠકો કરશે



અમદાવાદ,તા.૨૨

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીઓની તડામાર તૈયારીઓ થઈ રહી છે. ભાજપ માટે આ ચૂંટણીઓ શાખનો વિષય છે. તેથી પીએમ મોદી પણ કર્ણાટકમાં વિવિધ સભાઓ ગજવીને વોટબેંક પર કબજો કરવા પ્રયાસ કરી રહ્યાં છે. એજ કારણ છેકે, પ્રધાનમંત્રી મોદી સહિત ભાજપના તમામ ધૂરંધરો એક બાદ એક કર્ણાટકનો પ્રવાસ ખેડીને ત્યાં જાહેર સભાઓ ગજવી રહ્યાં છે. ત્યારે આ સ્થિતિની વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પર કર્ણાટકમાં ચૂંટણી પ્રવાસે જશે તેવી માહિતી સામે આવી છે.


કર્ણાટકમાં ચૂંટણીની જાહેરાત પહેલા ગુજરાતના મુખ્યમંત્રીનો પ્રવાસ ખુબ જ મહત્ત્વનો માનવામાં આવે છે. ૨૬ માર્ચે કર્ણાટકના એક દિવસના પ્રવાસે જશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ. કર્ણાટક પ્રવાસ, દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ત્યાં વસતા અને વ્યાપાર ધંધો કરતા ગુજરાતી સમાજના આગેવાનો સાથે બેઠકો કરશે. જ્યાં તેમની સાથે બેઠકો કરીને વ્યાપારીઓના પ્રશ્નો જાણવાનો પ્રયાસ કરશે. સાથે જ ફરી એકવાર કર્ણાટકમાં ભાજપ સરકાર બનાવવા વ્યાપારીઓને અપીલ કરશે.ઉલ્લેખનીય છેકે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ભૂપેન્દ્ર પટેલે અગાઉની તમામ સરકારોના ચૂંટણીના રેકોર્ડ તોડીને એક નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે. ભૂપેન્દ્ર પટેલે નરેન્દ્ર મોદીના રેકોર્ડની સાથો સાથ કોંગ્રેસની સરકારમાં માધવસિંહ સોલંકીનો અત્યાર સુધીનો જે સૌથી મોટો રેકોર્ડ હતો વધારે બેઠકો જીતવાનો એને પણ તોડી નાંખ્યો હતો.

સીએમ ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ૧૫૬ સીટી પર ભાજપને બહુમત હાંસલ કરાવીને ફરી એકવાર રાજયમાં ભાજપ સરકાર બનાવી છે. ત્યારે હવે દાદાના હુલામણા નામે જાણીતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કર્ણાટકમાં કમળ ખિલશે.

મુખ્યમંત્રી બન્યા બાદ પહેલીવાર અન્ય રાજયના ચૂંટણી પ્રચારમાં જશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ. આ લિહાઝથી ભૂપેન્દ્ર પટેલ માટે પણ આ એક નવો અનુભવ હશે.

# ગુજરાત સરકારના આદેશને પડકારતી અરજીઓની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટે ફરી એકવાર વિશેષ બેંચની રચના કરવા સંમતિ આપી





અમદાવાદ તા.૨૨

બિલ્કીસ બાનો કેસમાં આજીવન કેદની સજા કાપી રહેલા ૧૧ દોષિતોની સમય પહેલા મુક્તિને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. દોષિતોને મુક્ત કરવાના ગુજરાત સરકારના આદેશને પડકારતી અરજીઓની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટે ફરી એકવાર વિશેષ બેંચની રચના કરવા સંમતિ આપી છે. ગયા મહિને પણ ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું હતું કે તેઓ આ મામલાને હાથ ધરવા માટે વિશેષ બેંચની રચના કરશે. દરમિયાન, હવે કોર્ટ અરજીઓની સુનાવણી માટે નવી બેન્ચ બનાવવા માટે સંમત થઈ છે.

બિલ્કીસ બાનોના વકીલ શોભા ગુપ્તાએ દાવો કર્યો છે કે આ મામલાને અગાઉ પણ ૪ વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ હજુ સુધી તેને પ્રાથમિક સુનાવણી અને નોટિસ માટે લેવામાં આવ્યો નથી. આ બાબતનો ઉલ્લેખ સૌપ્રથમવાર ૩૦ નવેમ્બર, ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યો હતો, ત્યાર બાદ તેને ન્યાયમૂર્તિ અજય રસ્તોગી અને બેલા એન ત્રિવેદીની બેન્ચ સમક્ષ સૂચિબદ્ધ કરવામાં આવ્યો હતો. જો કે જસ્ટિસ ત્રિવેદીએ આ મામલાની સુનાવણીથી પોતાને અલગ કરી દીધા હતા.ત્યારબાદ આ બાબતનો ઉલ્લેખ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યો હતો અને તે આ વર્ષે ૨ જાન્યુઆરીએ કામચલાઉ રીતે સૂચિબદ્ધ કરવામાં આવ્યો હતો. ૨૦ જાન્યુઆરીના રોજ ગુપ્તાએ ફરીથી આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો પરંતુ ૨૪ જાન્યુઆરી અને ૩૧ જાન્યુઆરીએ બંધારણીય બેન્ચની બેઠકોને કારણે તેની સુનાવણી થઈ શકી ન હતી. આખરે ૭ ફેબ્રુઆરીના રોજ, ઝસ્ટિ અરજીઓની સુનાવણી માટે વિશેષ બેંચની રચના કરવા સંમત થયા હતા.

હકીકતમાં, રાજ્ય સરકારે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ તમામ ૧૧ દોષિતોને મુક્ત કર્યા હતા. મુક્ત કરાયેલા ગુનેગારોના ભવ્ય સ્વાગતના વિઝ્યુઅલ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા, જેનાથી કેટલાક વર્ગોમાંથી આક્રોશ ફેલાયો હતો. આ પૃષ્ઠભૂમિમાં દોષિતોને આપવામાં આવેલી રાહત પર સવાલ ઉઠાવતી સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજીઓ દાખલ કરવામાં આવી હતી. બિલ્કિસે દોષિતોની સમય પહેલા મુક્તિને પણ પડકારી હતી. ગુજરાત સરકારે એક એફિડેવિટમાં કોર્ટને જણાવ્યું કે દોષિતોના સારા વર્તન અને તેમની સજાના ૧૪ વર્ષ પૂરા થવાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારની મંજૂરી બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

હકીકતમાં, ૨૦૦૨ના ગોધરા કાંડ દરમિયાન બિલ્કીસ બાનો પર બળાત્કાર અને તેના પરિવારના સભ્યોની હત્યાના દોષિતોને ગયા વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ જેલમાંથી સમય પહેલા જ મુક્ત કરવામાં આવ્યા હતા. આ પછી સુપ્રીમ કોર્ટે બિલકિસ બાનો દ્વારા દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીને પણ ફગાવી દીધી હતી. બિલ્કિસે ૨૦૦૨માં તેની સાથે ગેંગરેપના ૧૧ દોષિતોને મુક્ત કરવા પર પુનર્વિચાર કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે અરજી પર ફરીથી સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. દરમિયાન, નવી બેંચની રચનાનો આ નિર્ણય ન્યાયની નવી આશા બની શકે છે, તેની સાથે ગુનેગારોની મુશ્કેલીઓમાં વધારો થવાની આશંકા છે.

### અમેરીકાના લોસ એન્જેલસ ના સૌ વૈષ્ણવોના મનોરથ રૂપે શ્રીજી મંદિરમાં નવી હવેલીના નિર્માણ અર્થે ભૂમિપુજન સંપન થયુ







સૌ વૈષ્ણવોના મનોરથ રૂપે શ્રીજી મંદિર,બેલફલાવર માં નવી હવેલી ના નિર્માણ અર્થે તા ૧૮ મી માર્ચના રોજ ભૂમિપુજન ઉત્સવ શ્રી કૃષ્ણઃ શરણં મમ અને યમુનાજીની સ્તુતિ સાથે સંપન થયો.

આશરે ૫૦૦ થી વધુ વૈષ્ણવો આ ઉત્સવમાં સહભાગી થયા. બધાજ વૈષ્ણવોએ પોતાના નામ વાળી બ્રીક્સ નું પૂજન કર્યું અને દરેક હાજર વૈષ્ણવોએ શાંતિયજ્ઞમાં આહુતિ આપી. બધાજ વૈષ્ણવોનો એકજ સુર એ હતો કે 'ખુબ સુંદર આયોજન' થી સૌએ આયોજકો અને સ્વયંમસેવકોના કાર્યને હ્રદયથી બિરદાવ્યા.

કાર્યક્રમ બાદ સૌ વૈષ્ણવોએ આજે એકાદશી હોવાથી ફરારી મહાપ્રસાદ લઈને સંસ્મરણો વાગાળતા છૂટા પડયા. બીજા દિવસે તા ૧૯ મી માર્ચ ના રોજ આ શ્રીજીમંદિર બેલફલાવર નો છથ્થો પાટોત્સવ પણ ઉજવવામાં આવેલ.... આ પ્રસંગે ખાસ ભજન અને કીર્તન પણ રાખવામાં આવેલ જેની રજુઆત પોતાના મધુર કંઠમાં જાણીતા ભજનીક જયશ્રીબેન ગોહીલે કરી, તેમજ તબલા પર સંગત શ્રી ગોપાલભાઈ શ્રોફે આપી તેમજ શ્રી કિરણભાઈ સંપતે કીબોર્ડ પર પોતાની આગવી કલા રજુ કરી વાતાવરણ ભક્તિમય બનાવી દીધું. આ સાથ' સોનામા સુગંધ ભળે તેમ 'રંગશ્રી ડાન્સીસ ઓફ ઈન્ડીયાના પોલામી પંડીત અને તેમના વૃન્દ સાથે કૃષ્ણ પ્રેમ ના નૃત્યોની રજુઆત કરી હાજર સૌના દિલ જીતી લીધા હતા. સાથે કવિતા તેલી અને વિશાખાએ પણ નૃત્ય ની રજુઆત કરી હતી.


( તસ્વિર અને માહિતીઃ- કાન્તિભાઈ મિસ્ત્રી, કેલિફોર્નિયા )





સમસ્ત બ્રહ્મ સમાજ સાણંદ દ્વારા પ્રાતઃ સ્મરણીય સ્વામી સદાનંદ સરસ્વતી જગદગુરુ દ્વારિકા સાણંદ પધારતા બ્રહ્મ સમાજ દ્વારા આભૂતપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું બ્રહ્મ સમાજ ના પ્રમુખ સનતભાઈ પંડિત. મહામંત્રી દિલીપભાઈ રાવલ તથા દાદા દીપકભાઈ ભટ્ટ.. કમલેશભાઈ વ્યાસ વિજયભાઈ પંડિત..ગૌત્તમભાઈ રાવલ..અજયભાઈ જોશી વિગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જીૐ૦ની આગામી બેઠક ગુજરાતમાં યોજાશે, ૩૦ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે





અમદાવાદ,તા.૨૨

ગુજરાત ૨૭ માર્ચથી ૪ એપ્રિલ સુધી જી૨૦બેઠકોના આગામી તબક્કાની યજમાની કરશે. આ દરમિયાન રાજ્યમાં ઘણા મુદ્દા પર ત્રણ સમ્મેલનનું આયોજન કરવામાં આવશે. જ્યાં વિવિધ દેશોના પ્રતિનિધિ ભાગ લેવા માટે આવશે. ઉલ્લેખનીય બાબત છે કે, ભારત હાલમાં એક વર્ષ માટે જી૨૦ જૂથની અધ્યક્ષતા કરી રહ્યું છે, જેમાં ખંડોના ૧૯ દેશો અને યુરોપિયન યુનિયન સામેલ છે. જી ૨૦ ત્રણ કાર્યક્રમો યોજાશે ગુજરાતમાં જી૨૦ ઈવેન્ટ્સનું સંકલન કરતા એક વરિષ્ઠ આઈએએસ અધિકારીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ત્રણ ઈવેન્ટ્સ યોજાશે, જેમાંથી 'એન્વાયરમેન્ટ એન્ડ ક્લાઈમેટ સસ્ટેનેબિલિટી વર્કિંગ ગ્રૂપ પર પ્રથમ બેઠક ગાંધીનગરમાં ૨૭ થી ૨૯ માર્ચ દરમિયાન યોજાશે. રાજ્યના નાણાં વિભાગના અગ્ર સચિવ મોના ખંડરે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના અનેક વરિષ્ઠ અધિકારીઓ અને વિષય નિષ્ણાતોની હાજરીમાં જી ૨૦ શેરપા અમિતાભ કાંત દ્વારા તેનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ લોકો હાજર રહેશે આ કાર્યક્રમમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના સચિવ લીના નંદન, જલ શક્તિ મંત્રાલયના જળ સંસાધન વિભાગના અધિક સચિવ દેબાશ્રી મુખર્જી અને સ્વચ્છ ગંગા મિશનના મહાનિર્દેશક જી અશોક કુમાર ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, સેન્ટ્રલ વોટર કમિશન, ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર ,નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ,યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ,યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ અને ભારતીય રાષ્ટ્રીય સેન્ટર ફોર ઓશન પણ ભાગ લેશે. ૩૦ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે

અધિકારીએ જણાવ્યું હતું કે, ત્રણ દિવસીય આ કાર્યક્રમમાં યુનાઈટેડ સ્ટેટ્સ, આર્જેન્ટિના, બ્રાઝિલ, ચીન, ફ્રાન્સ અને જર્મની સહિત લગભગ ૩૦ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે. ઈવેન્ટના પ્રથમ દિવસે, 'જળ સંસાધનોની શ્રેષ્ઠ પદ્ધતિઓ' અને અન્ય સંબંધિત વિષયો પર ચર્ચા થશે. બાદમાં મહેમાનોને સાબરમતી નદી અને પ્રખ્યાત અડાલજ સ્ટેપવેલ, સાબરમતી રિવરફ્રન્ટ પર નર્મદા કેનાલ સાઇફન પર લઈ જવામાં આવશે. ૨૮ માર્ચે યોજાનાર ટેકનિકલ સત્રોમાં પાંચ ફોક્સ ક્ષેત્રો પર ચર્ચા કરવામાં આવશે આબોહવા સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભૂગર્ભજળ વ્યવસ્થાપન જળ સ્વચ્છતા અને સ્વચ્છતા આબોહવા પરિવર્તન શમન સંસાધન કાર્યક્ષમતા અને પરિપત્ર અર્થતંત્ર અધિકારીએ જણાવ્યું હતું કે, ૨૯ માર્ચે મહાસાગરો, સસ્ટેઇન બ્લૂ ઈકોનોમી, દરિયાઈ અને દરિયાકાંઠાની ઈકોસિસ્ટમનું સંરક્ષણ અને દરિયાઈ અવકાશી આયોજન સંબંધિત વિષયો પર ટેકનિકલ સત્રો યોજાશે.

### ભાવનગરમાં અશાંત ધારો લાગુ કરવાની માગ સાથે હિન્દુ સંગઠનો મેદાનમાં ઉતર્યા

ભાવનગર,તા.૨૨

વિશ્વ હિન્દુ પરિષદ અને હિન્દુ જાગરણ મંચ સહિતના સંગઠનોના કાર્યકરો તેમજ સ્થાનિક લોકો એકત્ર થઇને રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને કચેરીનો ઘેરાવ કર્યો હતો. લોકોએ હાથમાં બેનરો અને સુત્રોચ્ચાર સાથે અશાંત ધારો લાગુ કરવાની માગ કરી હતી.

ભાવનગર શહેરમાં અશાંત ધારાની માગ સાથે ફરી એક વખત હિન્દુ સંગઠનો મેદાનમાં ઉતર્યા છે. વિશ્વ હિન્દુ પરિષદ અને હિન્દુ જાગરણ મંચ સહિતના સંગઠનોના કાર્યકરો તેમજ સ્થાનિક લોકો એકત્ર થઇને રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને કચેરીનો ઘેરાવ કર્યો હતો. લોકોએ હાથમાં બેનરો અને સુત્રોચ્ચાર સાથે અશાંત ધારો લાગુ કરવાની માગ કરી હતી.

સ્થાનિકોનું કહેવું છે કે ભાવનગરના ગીતા ચોક અને દેવુ બાગ સહિતના અનેક પોશ વિસ્તારોમાં વિધર્મીઓ દ્વારા મિલકતો ભાડે અથવા તો વેચાતી લેવામાં આવી રહી છે.

આથી ભાવનગર શહેરમાં તાત્કાલિક અશાંત ધારો લાગુ કરવામાં આવે તેવી માગ કરવામા આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4